આજનો સુવિચાર

જિંદગી ખુલ્લી કિતાબ છે એનો અર્થ એવો નથી કે મનફાવે ત્યારે પાના ફાડી નાખવા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૭૮ જૂનાગઢ તા.૦૯-૧૧-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 278, Junagadh : Date : 09 November, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## એક વર્ષમાં સોનાએ ૨૨ ટકાનું તગડું રીટર્ન આપ્યું : ૨૦૨૪માં ભાવ રૂા.૭૦ હજાર થઈ જશે



નવી દિલ્હી તા.૯ : આ ધનતેરસે સોનાની ખરીદી મોટો નફો આપી શકે છે. બજાર વિશેષજ્ઞોનાં જણાવ્યા અનુસાર છેલ્લા એક મહિનામાં સોનાની કિંમતમાં લગભગ ૯ ટકાનો વધારો થયો છે અને તે આગળ પણ યથાવત રહી શકે છે. ગત વર્ષની ધનતેરસની તુલના કરીએ તો સોનાએ ૨૨ ટકા જેટલું તગડું રિટર્ન આપ્યું છે. ગત વર્ષે ધનતેરસ પર સોનાની કિંમત ૫૦ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. હાલ ઘરેલુ બજારમાં સોનુ ૬૧ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયું છે.

જાણકારોના મત મુજબ ઈઝરાયેલ-હમાસ વચ્ચે ચાલુ સૈન્ય સંઘર્ષને ધ્યાનમાં રાખી સુરક્ષિત વિકલ્પ તરીકે સોનાની માંગમાં તેજી આવી છે આટલું જ નહીં, દુનિયાભરમાં બેન્કીંગ વ્યવસ્થાની તંગ હાલતથી શરાફ બજારમાં જબરદસ્ત પ્રતિક્રિયાઓ જોવા મળે છે. વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં આંતરરાષ્ટ્રીય બજારમાં સોનુ ૨૪૦૦ ડોલર પ્રતિ ઔંસ જયારે ઘરેલુ બજારમાં ૭૦ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી ઉપર જઈ શકે છે.

એમસીએકસ પર સોનાની કિંમત ૬૧૮૪૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના પોતાના ૨૨ મહિનાના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગઈ હતી.


### યમનનાં હુથી બળવાખોરોએ અમેરીકાનું ડ્રોન તોડી પાડયું

વોશિંગ્ટન તા. ૯

ઈઝરાયેલ તથા હમાસ વચ્ચેના સંઘર્ષમાં ખાડી-મધ્યપુર્વમાં કોઈ રાષ્ટ્ર તરફથી ઈઝરાયેલ પર હુમલો થાય નહી તે હેતુથી આ ક્ષેત્રમાં તૈનાત કરાયેલા અમેરિકી યુદ્ધ જહાજનું એક શક્તિશાળી ડ્રોન યમનના હુતી વિદ્રોહીઓએ તોડી પાડતા અહી જબરો તનાવ વ્યાપી ગયો હતો અને બાદમાં અમેરિકી સેનાએ હુતી વિદ્રોહીઓના ઠેકાણા પર મિસાઈલ દાગ્યા હતા.


અમેરિકી રક્ષા વિભાગના અધિકારીએ સીએનએન સાથેની એક વાતચીતમાં હુતી વિદ્રોહીઓએ એક ડ્રોન તોડી પાડયું હોવાનું સ્વીકાર્યુ હતું. આ ડ્રોન અમેરિકાનું સૌથી શક્તિશાળી એમકયુ-ઈ રીવર ડ્રોન હતું અને તે આંતરરાષ્ટ્રીય હવાઈ ક્ષેત્રમાં હતું તે સમયે હુતી વિદ્રોહીઓએ તેને નિશાન બનાવ્યું હતું જે સમુદ્રમાં તૂટી પડયું હતું.

### અમદાવાદમાં બની સુવર્ણ મુદ્રા મીઠાઈ : ૧ કિલોનાં રૂા. ૨૧૦૦૦



અમદાવાદ તા. ૯ : દિવાળી પર સૌથી મોંઘી મીઠાઈ અમદાવાદમાં બની છે. અમદાવાદમાં પહેલીવાર સોનાની મીઠાઈ બની છે. સોનાની મીઠાઈના એક કિલોનાં રૂા.૨૧૦૦૦નો ભાવ છે. તેમજ સોનાની મીઠાઈનું નામ ૨૪ કેરેટની 'સ્વર્ણ મુન્દ્રા' અપાયું છે. સોનાની મીઠાઈ લેવા સ્વાદના રસિયાઓમાં ભારે પડાપડી જોવા મળી છે. સોનાની મીઠાઈ લેવા માટે સ્વાદના રસિયાઓએ એડવાન્સ બુકિંગ કર્યું છે. સોનાના વર્ક વાળી મીઠાઈની બોલબાલા છે.

### અયોધ્યામાં ઈ-દિપોત્સવ દેશ - વિદેશથી લોકો ડીઝીટલી જોડાઈ શકશે





અયોધ્યા તા.૯ : દેશ-વિદેશના લાખો શ્રદ્ધાળુઓને અયોધ્યાના દીપોત્સવ સાથે જોડવા માટે આ વર્ષે ઈ-દીપોત્સવનો ખાસ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. જેને અયોધ્યા વિકાસ ઓથોરિટીએ હોલી અયોધ્યા પોર્ટલ (http://holyayodhya.com/) સાથે જોડયું છે. ગુગલ પ્લે સ્ટોરથી ડાઉનલોડ કરી તેની સાથે શ્રદ્ધાળુ જોડાઈ શકે છે. અયોધ્યાના ડેપ્યુટી ડાયરેકટર (પર્યટન) આર.વી.યાદવના જણાવ્યા મુજબ આ ઈ-દીપોત્સવમાં પેકેજ બુક કરાવીને ઈ-દીવડાની ખરીદીની વ્યવસ્થા પણ કરાઈ છે

જેનાથી અયોધ્યામાં થઈ રહેલા દીપોત્સવમાં કોઈપણ સ્થળે ઘરબેઠા શ્રદ્ધાળુ ડિઝીટલ દીવો પ્રગટાવી શકશે. અયોધ્યામાં 'દીપ પ્રગટાવો પુરસ્કાર જીતો' વ્યવસ્થા પહેલીવાર કરવામાં આવી છે. ઈ-દીવા માટે જે પેકેજ તૈયાર કરવામાં આવ્યા છે તેમાં ૧ દીવા માટે ૫૧ રૂપિયા, ૧૧ દીવા માટે ૧૦૧ રૂપિયા ૨૧ દીવા માટે ૫૦૧ રૂપિયા, ૫૧ દીવા માટે ૧૧૦૦ રૂપિયાના પેકેજ છે. બુકીંગ કરાવી શ્રદ્ધાળુ પોતાનો દીવો આરક્ષિત કરી શકે છે એટલે કે દિવાળીએ ૧૧ નવેમ્બરે શ્રદ્ધાળુ પોતાના ઘરમાં જ અહીં રામ કી પૈડી, સરયુના ઘાટો ઉપરાંત મઠ મંદિરો અને ધાર્મિક સ્થળો પર કલીક કરીને દીપ પ્રજવલિત કરી શકશે.





મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિતાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકરથાળ
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ
સુવિધાઓ
● સોવેનીર શોપ
● બેન્કવેટ હોલ
● કોન્ફરન્સીંગ ફેસીલીટીઝ
● પાર્ટી લોન
મલ્ટી કુઝીન રેસ્ટોરન્ટ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
• ગુજરાતી • પંજાબી • ચાઈનીઝ • સાઉથ ઈન્ડીયન • કાઠીયાવાડી
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com


ખોડલધામ ટુર
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

દિપાવલી ઉત્સવની હાર્દિક શુભેચ્છા...
ડોબરીયા ગાયનેક હોસ્પીટલ
મેટરનીટી (પ્રસુતિ)/ સોનોગ્રાફી / લેપ્રોસ્કોપી / વ્યંધત્વ (ઈન્ફર્ટીલીટી)
ડો. પ્રતિક ડોબરીયા
M.B. D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન
રાહતદરે ઉપલબ્ધ સુવિધાઓ
● સોનોગ્રાફીની સુવિધા ● વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
● પેઈનલેસ (પીડારહિત) ડીલીવરી તથા સીઝેરીયનની સુવિધા.
● ગર્ભાશયની કોથળીનું ટાંકાવાળુ, ટાંકા વગરનું તેમજ દુરબીન (લેપ્રોસ્કોપી)થી થતા ઓપરેશન
● અંડાશય અને કુટુંબનિયોજનનાં ટાંકાવાળા તથા દુરબીન (લેપ્રોસ્કોપી)થી થતા ઓપરેશન
● હીસ્ટેરોસ્કોપીની સુવિધા (ગર્ભાશયની અંદરની દુરબીનથી તપાસ તથા ઓપરેશન) ● કેન્સર નિદાન કેન્દ્ર
● બંધ નળી ખોલવાનું ઓપરેશન (માઈક્રોસર્જરી)
● મેડીકલેઈમની સુવિધા, ડીલક્ષ અને સ્પેશ્યલ રૂમની સુવિધા
ઓપીડી સમય : સવારે : ૯ થી ૧, સાંજે : ૬ થી ૮
PMJAY કાર્ડ દ્વારા સીઝેરીયન ઓપરેશન ફ્રી કરવામાં આવશે
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ. મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯

અમારા માનવંતા ગ્રાહકોને
દિપાવલીની હાર્દિક શુભેચ્છા....
જૂનાગઢની સ્વાદપ્રિય જનતા માટે જુનું અને જાણીતું નામ એટલે...
લિજ્જત પાઉંભાજી
● ગુજરાતી થાળી
● સાઉથ ઈન્ડીયન
● પંજાબી
● ચાઈનીઝ

લિજ્જત પાઉંભાજી
જયશ્રી રોડ, મહાસાગર ટ્રાવેલ્સની સામે, કળવા ચોક, જૂનાગઢ મો. ૯૪૨૭૭ ૩૩૩૪૪


દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ
HOTEL MARUTI
hotelmaruti.jnd@gmail.com
• રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન થી તદ્દન નજીક
• એ.સી. અને નોન એ.સી. રૂમ
• વ્યાજબી દરે સારી સુવિધા.
• પીકઅપ વાહનની સુવિધા કરી આપવામાં આવશે.
હીરા પન્ના કોમ્પ્લેક્ષ સામે, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫ ૨૬૩૨૧૮૨, મો. ૯૮૯૮૦ ૯૫૦૦૭

ાા જય શ્રી વલ્લભ ાા
દિપાવલીની હાર્દિક શુભેચ્છા....

મેસર્સ નવીનચંદ્ર એન્ડ કાં.
ફૂટવેરનાં હોલસેલ વેપારી
હવેલી લાઈન, જૂનાગઢ
ફોન : ૨૬૫૧૩૬૭, મો. ૯૮૨૫૨ ૨૦૧૧૦

સમૃધ્ધ વાંચનનો રસથાળ એટલે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક


કિંમત રૂા.૧૦૦
દિપોત્સવી અંક-૨૦૨૩
પ્રસિધ્ધ થઈ ચુકયો છે

દિપાવલીની હાર્દિક શુભેચ્છા...
Magnet
Shop No.1, Opp. Abhisek Complex, Nr. Pipaliyano Delo, M.G. Road, Junagadh
Mayur
Kid's & Family Wear

Execlusive Familywear Show Room
10 -11 & 19-20, Jenili Shopping Centre, M.G. Road, Junagadh



# જૂનાગઢમાં આરઝી હકુમતના લડવૈયાની યાદગીરી માટે સ્મારક બનાવવા માંગ

**દેશ ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે આઝાદ થયો હતો જયારે જૂનાગઢને આજના દિવસે એટલે કે ૯ મી નવેમ્બર ૧૯૪૭ના દિવસે આઝાદી મળી હતી : જૂનાગઢ અને સોરઠ પ્રદેશને આઝાદી અપાવવામાં આરઝી હકુમતના લડવૈયાઓનું મહત્વનું યોગદાન હતું : આઝાદીના અનોખા મુકિત સંગ્રામ કે જે સોરઠની લોકક્રાંતિ કહેવાય છે તેનો આગવો અને અનોખો ઈતિહાસ છે**




જૂનાગઢ તા.૯

આજે ૯મી નવેમ્બરનો દિવસ એ જૂનાગઢ માટે યાદગાર દિવસ છે ૯મી નવેમ્બર ૧૯૪૭ના દિવસે જૂનાગઢ સાચા અર્થમાં આઝાદ થયું હતું અને એટલા માટે ૯મી નવેમ્બરના દિવસને જૂનાગઢના આઝાદ દિન તરીકે ઓળખવામાં આવે છે. જૂનાગઢને આઝાદી અપાવવામાં ખાસ કરીને આરઝી હકુમતના લડવૈયાઓએ જે યોગદાન આપ્યું છે તે કયારેય ભુલી શકાય તેમ નથી અને તેઓની યાદ કાયમી ધોરણે જળવાઈ રહે આરઝી હકુમતના લડવૈયાઓએ આઝાદી માટેનો જે અનોખો ઈતિહાસ સર્જયો છે તે ઈતિહાસના અમર પૃષ્ઠ તરીકે કાયમી જળવાયેલો રહે તે માટે જૂનાગઢના આંગણે આરઝી હકુમતના લડવૈયાઓ માટે સ્મારક બનાવવાની માંગણી ઉઠવા પામી છે. ભારત દેશ જયારે ૧૫મી ઓગષ્ટના દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થયું હતું ત્યારે જૂનાગઢ અને સોરઠ પંથકની પ્રજાને આઝાદી મેળવવા માટે જંગ ખેલવામાં આવ્યો હતો અને પ્રજાકીય ક્રાંતિનો એક નવો ઈતિહાસ સર્જાયો હતો જૂનાગઢને આઝાદી અપાવનારા આરઝી હકુમતના વિર સપૂતોના યોગદાનને કયારેય ભુલી શકાય તેમ નથી તે પણ એટલું જ સત્ય છે.

ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાં જકડાયેલું હતું અનેક ભારત માતાના વિર સપૂતોએ પોતાના બલિદાન આપ્યા છે અને રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી એટલે કે મહાત્મા ગાંધીજીએ અહિંસક આંદોલનનું રણશીંગુ ફુંકયું અને મિઠાના કાયદાનો સવિનય કાનુન ભંગ કરી અને હિન્દ છોડો ચળવળ હાથ ધરી સમગ્ર દેશ માતૃભૂમિને આઝાદી અપાવવા વિર સેનાનીઓએ ભારે યોગદાન આપ્યું હતું અને આખરે ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭નો દિવસ સમગ્ર દેશ માટે સોનાનો સુરજ લઈને ઉગ્યો હતો આ દિવસે ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુકત કરવામાં આવ્યું હતું અને અંગ્રેજો આ દેશમાંથી જતા રહ્યા હતા. એક તરફ ભારતમાં આઝાદીના અવસરને વધાવવામાં આવ્યો હતો ત્યારે ગુજરાત રાજયનું મહત્વનું શહેર જૂનાગઢ અને સોરઠ પંથકના ભાગ્યમાં આઝાદીના ફળ જોવા મળતા ન હતા સમગ્ર સોરઠ પંથક ભયંકર ચિંતામાં ગરકાવ થયું હતું. કારણ કે જૂનાગઢના તત્કાલીન નવાબે જૂનાગઢ રાજયને પાકિસ્તાન સાથે જોડવાનો અવિચારી નિર્ણય લેવાના કારણે સોરઠ પંથક માટે જાણે વિજળી ત્રાટકી હોય તેવો માહોલ સર્જાયો હતો કાઠીયાવાડ રાજકીય પરિષદના આગેવાનો તેમજ મુંબઈ ખાતે વસવાટ કરતા આ પ્રદેશના માનવીઓ તેમજ જૂનાગઢનું જેઓને હૈયે હિત વસેલું હતું તેવા આગેવાનોની મુંબઈના માધવબાગ ખાતે એક સભા મળી હતી અને જૂનાગઢને પાકિસ્તાનની ચુંગલમાંથી મુકત કરવા માટે નિર્ણય લેવામાં આવ્યો હતો અને આ સાથે જ આરઝી હકુમતની સ્થાપના કરવામાં આવી હતી સૌરાષ્ટ્રના અને ગુજરાતના પ્રથમ હરોળના જાહેર જીવનના અગ્રણીઓ અને સોરઠની પ્રજાએ જૂનાગઢને મુકત કરવા માટે હામ ભીડી હતી અને જૂનાગઢ અને સોરઠ પંથકમાં લોકક્રાંતિનો જુવાળ ઉઠયો હતો પ્રજાકીય ક્રાંતિ અમલમાં આવી હતી અને આરઝી હકુમતની સેના તૈયાર થઈ હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલના આશીર્વાદ સાથે આરઝી હકુમતના સૈનિકોએ લડાઈ માટેનું રણશીંગુ ફુંકયુ અને પોતાના ઘર પરિવાર કે પોતાના જાનની પણ પરવા કર્યા વિના સોરઠની ખંતિલી પ્રજા અને જેને સાહસવીર સુરવીર ગણી શકાય તેવી આ પ્રજાએ આઝાદીનો એક અદભુત ઈતિહાસ રચ્યો હતો અને આરઝી હકુમતની વિવિધ સેનાઓએ નવાબી શાસન હકુમતના એક પછી એક ગામોને કબ્જે કરી અને આખરે જૂનાગઢ અને સોરઠ પંથક ઉપર આરઝી હકુમતની સેનાએ કબ્જો મેળવ્યો હતો. દિવસો સુધીની ભારે જહેમત અને જીંદાદીલીનો આખરે અંત આવ્યો હતો અને ૯મી નવેમ્બર ૧૯૪૭ના દિવસે જૂનાગઢ સાચા અર્થમાં મુકત બન્યું હતું અને જૂનાગઢને આઝાદી પ્રાપ્ત થઈ હતી. આજે જયારે આઝાદીના એ દિવસની ઉજવણીના ભાગરૂપે બહાઉદીન કોલેજ ખાતે આવેલ વિજય સ્તંભની પૂજનવિધિ તેમજ રાત્રીના ફટાકડાની આતશબાજી સાથે આઝાદીના દિવસની ઉજવણી રાબેતા મુજબ કરવામાં આવશે દર વર્ષે આ રીતે જ ઉજવણી થતી હોય છે પરંતુ જૂનાગઢ અને સોરઠ પંથકને સાચા અર્થમાં આઝાદી અપાવનારા આરઝી હકુમતના લડવૈયાઓના યોગદાનને તેમજ તેમના ઉજળા ઈતિહાસને ભુલી જવામાં આવેલ છે. જૂનાગઢ શહેરમાં જૂનાગઢને મુકિત અપાવનારા આરઝી હકુમતના લડવૈયાઓનું કાયમી ધોરણે સ્મૃતિ જળવાઈ રહે તે માટે આરઝી હકુમતનું સ્મારક બનાવવાની લાગણી અને માંગણી વર્ષો જુની છે આઝાદી જંગની પ્રજાએ ખેલેલી આ લડાઈને અને ઈતિહાસને જાણે અજાણે ભુલી જવામાં આવેલ છે. ગૂજરાતના તત્કાલીન મુખ્યમંત્રી દિલિપ પરીખની સરકાર વખતે ૧૯૯૭માં બહાઉદીન કોલેજ ખાતે આરઝી હકુમતના સૈનિકોના લડવૈયાના સન્માનનો કાર્યક્રમ થયો હતો. ઉપરાંત બહાઉદીન કોલેજના પટાંગણમાં એક વિજય સ્તંભ બનાવવામાં આવ્યો હતો જેને પણ આજે ૨૬ વર્ષ જેવો સમય થયો છે પરંતુ વર્ષમાં એક વાર ત્યાં પૂજનવિધીના કાર્યક્રમો થાય છે બાકી આઝાદીના દિવસની જે રીતે ઉજવણી કરવી જોઈએ તે બાબતે ઉદાસીનતા જોવા મળે છે. ૨૦૦૬ની સાલમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર

**આરઝી હકુમતના નામી અનામી વિર સૈનિકોની યાદ કાયમી ધોરણે જળવાય અને જૂનાગઢની મુલાકાતે આવનારા લોકો અને આવનારી પેઢી પણ જૂનાગઢના મુકિત સંગ્રામના ઈતિહાસને જાણી શકે તે માટે આરઝી હકુમતના લડવૈયાઓના પરિવારજનો પાસેથી વિગતો મેળવી, તસ્વીરો પ્રાપ્ત કરી અને એક પુસ્તક પણ પ્રકાશિત કરવાની માંગ**

દ્વારા કૃષિ યુનિવર્સિટી ખાતે આરઝી હકુમતના સૈનીકોનું કે જેઓ હયાત હતા તેઓનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. અને જે તે વખતે જૂનાગઢના તત્કાલીન કલેકટર અશ્વીની કુમારની અધ્યક્ષતામાં જૂનાગઢ ખાતે આરઝી હુકતના સૈનિકોની યાદગીરી માટે સ્મારક મ્યુઝીયમ બનાવવાની વાત થઈ હતી અને રૂા.૨૫૦ કરોડના ખર્ચે માસ્ટર પ્લાન પણ ઘડી કાઢવામાં આવ્યો હતો અને ત્યારબાદ આરઝી હકુમતના લડવૈયાઓ માટે કોઈ જાતની કાર્યવાહી થઈ નથી રૂા.૨૫૦ કરોડના માસ્ટર પ્લાનની ફાઈલ અભેરાઈએ ચડાવી દેવામાં આવી છે આ ઉપરાંત જૂનાગઢના જાગૃત નાગરીકો જુની પેઢીના લોકો તેમજ પૂર્વ ધારાસભ્ય દ્વારા પણ જૂનાગઢમાં આરઝી હકુમતનું સ્મારક બનાવવાની વર્ષો જુની માંગણી છે પણ એ દિશામાં કોઈ કાર્યવાહી આજ સુધી થઈ નથી. દેશભરમાં આઝાદીના અમૃત મહોત્સવના ઉજવણી અંતર્ગત સ્વાતંત્રય સેનાનીઓના સન્માન તેમજ તેઓના પરિવારજનોને સન્માનવાનો કાર્યક્રમ સર્વત્ર યોજાયો હતો પરંતુ જૂનાગઢને સાચા અર્થમાં આઝાદી અપાવનારા આરઝી હકુમતના સૈનિકો તેમજ તેમના પરિવારજનોને વિસરી જવામાં આવેલ છે તે પણ ખેદજનક છે. જવાબદાર તંત્ર દ્વારા સ્વાતંત્રય સેનાની આઈડેન્ટી ફીકેશન માટે જે તે સમયે આપેલા તત્કાલીન અધિકારીઓ દ્વારા અપાયેલા ઓળખપત્રો માંગવામાં આવતા હતા પરંતુ આવી કોઈ સામગ્રી જેમની પાસે ન હોય તેઓને આ સન્માનીત કાર્યક્રમમાંથી પણ બાકાત રાખવામાં આવ્યા હોવાની વ્યાપક ફરિયાદો અને ચર્ચાઓ ઉઠવા પામી હતી જે તે સમયે આઝાદીની ચળવળોમાં જે પરિવારોએ અને આ પરિવારોના મોભીઓ પોતાના પરિવારની પણ ખેવના કર્યા વિના આઝાદી જંગમા કુદી પડયા હતા ત્યારે તેઓની પાસે શું આઈડેન્ટી કાર્ડ લઈને ગયા હતા સ્વાતંત્રય ચળવળમાં તેવો સવાલ પણ ઉઠવા પામે છે. આજે જયારે જૂનાગઢ શહેરના મુકિતદિન આઝાદ દિનની ઉજવણી થઈ રહી છે ત્યારે આ દિવસ જૂનાગઢ માટે આનંદનો દિવસ છે આજે આઝાદીના દિવસની ઉજવણી સાથે સાથે જવાબદાર તંત્ર દ્વારા એવો સંકલ્પ પણ લેવો જોઈએ કે જૂનાગઢ શહેર અને સોરઠ પંથકને સાચા અર્થમાં આઝાદી અપાવનારા આરઝી હકુમતના લડવૈયાઓના યોગદાનને અને કયારેય પણ ભુલી શકશું નહી અને તેઓની યાદ કાયમી ધોરણે જળવાઈ રહે તે માટે જૂનાગઢમાં આરઝી હકુમતના લડવૈયાઓનું સ્મારક બનાવીને જ રહીશું તેવા શપથ લેવામાં આવે અને નકકર કાર્યવાહી કરવામાં આવે તો જ આરઝી હકુમતના લડવૈયાઓને સાચા અર્થમાં શ્રધ્ધાજલી અર્પણ કરી ગણાશે છેલ્લે જૂનાગઢના આઝાદી દિવસ પર્વ પ્રસંગે જૂનાગઢના મુકિત સંગ્રામના લડવૈયા આરઝી હકુમતના નામી અનામી વિર સૈનિકોને સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા કોટી કોટી વંદના.

## કેશોદ તાલુકાના નુનારડા ગામની સીમમાં વાડીમાંથી ૩ ઈસમો, ૩ મહિલા સહિત સાત ૧ લાખ સાથે જુગાર રમતા ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

કેશોદ તાલુકાના નુનારડા ગામના મસરી જગમાલભાઈ રામ નામના ઈસમે ગામની સીમમાં આવેલ પોતાની વાડીના મકાનમાં જુગારધામ શરૂ કર્યું હોવાની બાતમી મળતા જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ જે. જે. પટેલના માર્ગદર્શનમાં એએસઆઈ પુંજાભાઈ ભારાઈ વગેરેએ રેઈડ પાડી હતી. આ કાર્યવાહીમાં એલસીબીએ પીપળી ગામના પરબત વિક્રમભાઈ રામ, જૂનાગઢના દિનેશ દોલતરામ મૂલચંદાણી-છાયાબજાર, લખન ભનુભાઈ પરમાર-ઝાંઝરડા રોડ, હમીરભાઈ ઉર્ફે નારણભાઈ ભારવાડીયા-પાદરીયા, શ્વેતાબેન પ્રકાશભાઈ બ્રહ્મભટ્ટ-જોષીપરા, નયનાબેન દિનેશભાઈ સોલંકી-ટીંબાવાડી અને અનસુયાબેન પ્રકાશભાઈ ભલાણી-ટીંબાવાડીને રૂપિયા ૧,૦૪,૩૦૦ની રોકડ રકમ સાથે જુગાર ખેલતા ઝડપી પાડયા હતા. જુગારીઓ પાસેથી રોકડ ઉપરાંત રૂપિયા ૧,૯૦૦ નાલના અને ૩૦,૦૦૦ના ૩ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૧,૩૬,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરીને ધોરણસરની કાર્યવાહી કરી હતી.

## જૂનાગઢમાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા સ્નેહમિલન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢમાં સુખનાથ ચોક ખાતે નૂતન વર્ષ નિમિતે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા તા.૧૪-૧૧-૨૦૨૩ મંગળવારે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન હિન્દુ-મુસ્લીમ કોમી એકતા અંતર્ગત નૂતન વર્ષ નિમિતે સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સુખનાથ ચોક વિસ્તાર અને જૂનાગઢ શહેર હંમેશા કોમી એકતાની મશાલનું પ્રતિક રહ્યું છે અને તે પરંપરાની જાળવણી કરવા અને કોમી એકતાના ભાઈચારાની મશાલને જલતી રાખવા હિન્દુ-મુસ્લીમ બંને સમાજ એક જ છે અને એક જ રહેશે તેવા શુભ હેતુથી આ આયોજન કરવામાં આવેલ છે. અસ્લમભાઈ કુરેશી વહાબભાઈ કુરેશી, બટુકભાઈ મકવાણા અને કાર્યકર્તાઓ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. વિવિધ ક્ષેત્રના અગ્રણી, આગેવાનો, મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ સુખનાથ ચોક, જૂનાગઢ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ગીર સોમનાથમાંથી વર્લ્ડકપની મેચ ઉપર સટ્ટો રમાડતા શખ્સની એલસીબીએ અટકાયત કરતા ચોંકાવનારો ઘટસ્ફોટ થયો

**સુરતના મોટાગજાના બુકી પાસેથી સટ્ટો રમવાના લાઈનના નંબરો મેળવી અત્રે ગ્રાહકોને આપતા હોવાનું સામે આવ્યુ : સુરતના બુકી અને સટ્ટો રમતા છ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૯

હાલ ચાલી રહેલા ક્રિકેટ વર્લ્ડકપની મેચો ઉપર સોમનાથ પંથકમાં મોટાપાયે સટ્ટો રમાતો હોવાની ચર્ચા વચ્ચે એલસીબીએ એક મેચ ઉપર સટ્ટો રમાડતા એક શખ્સને ઝડપી પાડી પુછપરછ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમાં સુરત અડાજણના મોટા બુકી પાસે ફોન ઉપર અત્રેના છએક લોકો સટ્ટો રમતા હોવાનું સામે આવ્યુ છે. જેના આધારે પોલીસે સુરતના બુકી સહિત આઠ શખ્સો સામે ગુનો નોંધી તમામની શોધખોળ હાથ ધરી છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ બે દિવસ પૂર્વે ભારત-સાઉથ આફ્રિકાના મેચ ઉપર એક શખ્સ મોબાઈલ ઉપર સટ્ટો રમી રહ્યા અંગે એલસીબીના નરેન્દ્ર કછોટ, લાલજીભાઈ બાંભણીયાને મળેલ બાતમીના આધારે સુત્રાપાડા પંથકમાં દરોડો પાડી મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરતા વિહાર બાજીયા નામના શખ્સ પાસેથી મોબાઈલ લઈ તપાસ કરતા તેમાં વોટસએપ એપ્લીકેશનમાંથી સીરીયલ નંબર, કોડ, પાર્ટી નેઈમ, ડીઆર, બેલેન્સ સહિતની વિગતોનો સ્કીનશોર્ટ ફોટોકોપીમાં લખેલ વિગતો જોવા મળેલ હતી. જે અંગે પૂછપરછ કરતા હાલ રમાઈ રહેલ વર્લ્ડકપ ક્રીકેટ મેચમાં લાઈનથી ક્રીકેટ સટ્ટાનો જુગાર રમવા કમીશનથી ગ્રાહકો મેળવેલ જે ગ્રાહકોના હીસાબ કીતાબની વિગત હોવાનુ જણાવેલ હતુ. વધુમાં ક્રિકેટ વર્લ્ડકપની મેચમાં હારજીત, સેસન ઓવર અને રનફેરનો સટ્ટો રમાવા માટે મોબાઈલ ફોનના લાઈનના નંબરો સુરતના અડાજણ રહેતા બુકી રાજન કકકડ પાસેથી મેળવી અત્રેના (૧) ભુપત બારડ રહે. અમરાપુર (૨) જયદીપ રહે.તાલાલા (૩) રણશીભાઈ રહે. રામપરા (૪) કનકભાઈ રહે.ઘંટીયા (૫) ધર્મેન્દ્રભાઈ રહે. તાલાળા (૬) શૈલેષભાઈ રૂપારેલીયા રહે. તાલાલા વાળાને આપેલ હોવાનું જણાવતા તેની અટક કરી હતી. ઉપરોક્ત વિગતોના આધારે સુરતના બુકી રાજન કક્કડ સહિત આઠ શખ્સો સામે ગુનો નોંધી તમામની અટકાયત કરવા પોલીસે શોધખોળ હાથ ધરી છે.

## ખંભાળિયામાં દિપોત્સવી પર્વને અનુલક્ષીને પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરાયું

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯



ખંભાળિયામાં હાલ દિવાળીના દિવસો ચાલી રહ્યા છે અને શહેરની બજારમાં ગ્રાહકોની અવરજવર વધી રહી છે. ત્યારે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાબૂત બની રહે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તથા ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિની સૂચના મુજબ અહીંના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તથા સ્ટાફ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં પોલીસ સ્ટાફ દ્વારા અહીંની મેઈન બજાર, ઝવેરી બજાર, નગર ગેઈટ સહિતના જુદા જુદા વિસ્તારોમાં ચાલીને પેટ્રોલિંગ કાર્યવાહી કરવામાં આવી હતી.

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ : જૂનાગઢ નિવાસી ગં. સ્વરૂપ ધીરજબેન જયંતીલાલ ઠાકર(ઉ.વ.૮૫) જેઓ રાજેન્દ્રકુમાર જયંતીલાલ ઠાકર અને વિજયકુમાર જયંતીલાલ ઠાકરનાં માતુશ્રીનું તા.૭-૧૧-૨૩નાં રોજ કૈલાસવાસ થયેલ છે. જેમનું તા.૯-૧૧-૨૩ ગુરૂવારે બપોરે ૪ થી ૬ કલાકે રામેશ્વર મંદિર, સિધ્ધાર્થ નગર સોસાયટી ખાતે રાખવામાં આવેલ છે. મો.૭૫૬૭૩ ૨૮૫૭૫, ૯૮૯૮૪ ૭૬૩૪૮.

વેરાવળ : જેઠાલાલ ભાણજીભાઈ અગ્રાવત (ઉ.વ. ૮૩) તે સ્વ. ભાણજીભાઈ કાલીદાસ અગ્રાવત (ખાંભોદર)ના પુત્ર, દ્વારકાદાસભાઈ, પ્રભુદાસભાઈ, મુકુંદભાઈના મોટાભાઈ, કમલેશભાઈ, ભાવેશભાઈ તથા દિપાબેનના પિતાશ્રી તા. ૭-૧૧-૨૩ મંગળવારના રોજ શ્રીરામચરણ પામેલ છે. જેમનું બેસણું તા. ૧૦-૧૧-૨૩ શુક્રવારે બપોરે ૪ થી ૫ વાગ્યા સુધી શ્રી ગાયત્રી મંદિર વેરાવળ ખાતે રાખેલ છે.

## રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિત્તે આવતીકાલે દ્વારકામાં વિવિધ કાર્યક્રમો યોજાશે

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ધંત્રયોદશીના આયુર્વેદના પ્રણેતા ભગવાન ધનવંતરીના પ્રાકટ્ય દિવસ હોવાથી આ દિવસને દર વર્ષે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વખતે આઠમા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમીત્તે દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા દ્વારકામાં આવેલા સરકારી આયુર્વેદ દવાખાનું ખાતે શુક્રવાર તારીખ ૧૦ ના રોજ સવારે આઠ વાગ્યાથી બપોરે એક વાગ્યા સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં શ્રી ધન્વંતરિ ભગવાનનુ પૂજન-યજ્ઞ, આયુર્વેદ વિષયનું વ્યાપ સમજાવતા 'વર્તમાન સમયમાં આયુર્વેદની ભૂમિકા' વિષયે આયુર્વેદના નિષ્ણાંતો દ્વારા વ્યાખ્યાન, આયુર્વેદના ઔષધોની અસર અને ક્ષમતા દર્શાવતી પ્રદર્શની તેમજ ઘર આંગણા ઔષધોનું ઉછેર થાય તે હેતુથી ઔષધોનું વિતરણ કરવામાં આવશે.

આ તમામ કાર્યક્રમનો લાભ લેવા દેવભૂમિ જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે. આ અંગેની વધુ વિગત માટે મો.નં. ૯૭૨૨૭ ૨૫૬૫૪ અથવા ૮૨૬૪૯ ૯૬૧૫૨ પર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢ પોલીસ તંત્રમાં ફરજ બજાવતા ૧૨ એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી : અભિનંદનની વર્ષા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

ગુજરાત રાજયના પોલીસ દળમાં ફરજ બજાવતા આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટ (એએસઆઈ) કર્મચારીઓને પોલીસ સબ ઈન્સ્પેકટરમાં બઢતી આપવાના આદેશ થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બઢતી માટેની કાર્યવાહી માટે અગાઉ એએસઆઈ દ્વારા પરીક્ષાઓ આપવામાં આવી હતી અને આ પરીક્ષાનું પરિણામ જાહેર થતા રાજયના ૬૨૧ એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી આપવા આવનાર છે. જેમાં જૂનાગઢ જીલ્લામાં પોલીસ તંત્રમાં ફરજ બજાવતા એએસઆઈ કક્ષાના પોલીસ કર્મચારીઓને પીએસઆઈ તરીકે બઢતી આપવામાં આવશે. જેમાં જૂનાગઢ પોલીસ તંત્રમાં ફરજ બજાવતા ડવ મહેશભાઈ રામભાઈ, જાડેજા સજનબા હનુજી, રાઠોડ રેખાબેન વજુભાઈ, ચુડાસમા રસીકબા રાજમલ, દેવરે સંજય મધુકરભાઈ, હુદડ ગીતાબા જેઠસુરભાઈ, ગઢવી સંજયકુમાર હિંમતદાન, ઝાલા ભરતસિંહ પ્રભાતજી, મુસાર નરેન્દ્રકુમાર સુદાભાઈ, વડારીયા શોભનાબેન દેવશીભાઈ, ધાનબાઈ દેવાભાઈ ડાંગર, જોરા જયાબેન કાળાભાઈનો સમાવેશ થાય છે. પીએસઆઈ તરીકે બઢતી પામી રહેલા પોલીસ કર્મચારીઓને અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.

## જૂનાગઢમાં ધારાગઢ દરવાજા સ્થિત આશારામનો આશ્રમ સીલ કરી સરકારે કબ્જો લઈ લીધો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરના ધારાગઢ દરવાજા ખાતે આવેલ આશારામ બાપુનો આશ્રમ કે જે સર્વે નંબર ૩૪ અને ૩૬ વાળી જગ્યામાં સપ્ટેમ્બર ૨૦૦૨માં અગાઉ ફળોનો ઈજારો હતો. દરમ્યાન જિલ્લા કલેકટરે આ ઈજારો રદ કરી જમીન ઉપર બનેલ આશ્રમનો કબ્જો લેવા અને જમીન શ્રી સરકારના કબ્જે લેવા આદેશ કર્યો હતો. આ આદેશ સામે કબ્જેદાર દ્વારા સિવીલ કોર્ટમાં અપીલ દાખલ કરાઈ હતી અને સ્ટે(મનાઈ હુકમ) લેવાયો હતો. ત્યાર બાદ આ કેસ ચાલી જતા સિવીલ કોર્ટે પણ જિલ્લા કલેકટર દ્વારા વર્ષ ૨૦૦૨માં કરેલા ઓર્ડરને માન્ય રાખ્યો હતો. બાદમાં મિલ્કત સરકાર હસ્તક લેવાની કામગીરી કરાઈ હતી. જોકે, તંત્રની આ કામગીરી સામે કબ્જેદારે કોર્ટમાં અપીલ તેમજ મનાઈ હુકમની માંગણી કરી હતી. આ મુદ્દે ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી જેમાં મનાઈ હુકમ(સ્ટે)ની માંગણી નામંજુર થઈ હતી.

જેના પગલે મિલ્કતનો કબ્જો લેવાની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં પોલીસ બંદોબસ્ત સાથે આશારામ બાપુના આશ્રમને તંત્રએ સિલ મારી કબ્જો લઈ લીધો હોવાથી ચકચાર મચી ગઈ છે.

## જૂનાગઢ શહેરમાં આજથી બે સ્થળોએ રંગોળી પ્રદર્શન

(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૯


સંસ્કાર ભારતી જૂનાગઢ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી ક્રિમસન આર્ટ એકેડેમી દ્વારા જૂનાગઢ શહેરમાં રેડક્રોસ હોલ, આઝાદ ચોક ખાતે ૯ થી ૧૨ નવેમ્બર સવારે ૧૦ થી રાત્રે ૯ દરમ્યાન ' ભુઅલંકાર રંગોળી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ ૯ નવેમ્બર સવારે ૧૦ વાગ્યાથી થશે. દિવાળી પર્વને લઈ આયોજીત કલાકારો દીપેન જોશી, રિમ્પલ વેકરીયા સહિતનાં કલાકારોઓએ બનાવેલી રંગોળીનું પ્રદર્શન નિહાળવા માટે પધારવા નગરજનોને અનુરોધ કરાયો છે. ઉપરાંત શ્રેયાંશ ગૃપ દ્વારા પણ ૯ નવેમ્બરથી રંગોળી પ્રદર્શનનું આયોજન કરેલ છે. જેમાં રજનીકાંત અગ્રાવત, મોહિત વાછાની સહિતના કલાકારો દ્વારા રંગોળી બનાવવામાં આવેલ છે. આ પ્રદર્શનનું ઉદઘાટન ૯ નવેમ્બરના રોજ જૂનાગઢ એસપી હર્ષદ મહેતા, ડો. મૌલીક સોઢાતર સહિતના ઉપસ્થિત રહેશે. આ પ્રદર્શન ૯ થી ૧૫ નવેમ્બર સવારે ૯:૩૦ થી સાંજે ૯ સુધી ખુલ્લું રહેશે. આમ, દિવાળીના તહેવાર નિમિતે જૂનાગઢ શહેરમાં બે સ્થળોએ રંગોળી પ્રદર્શનનું આયોજન કરેલ છે.

# આજે ૯ નવેમ્બર : જૂનાગઢનો મુક્તિ દિન

## આઝાદીની ચળવળ બાદ જૂનાગઢને હિંદમાં જોડવા માટે ત્રણ મહિના સુધી ચાલી હતી આરઝી હુકુમત રૂપે લોકશક્તિની લડત





જૂનાગઢ, તા.૯

સમગ્ર ભારત દેશ સ્વતંત્રતાની ખુશી મનાવી રહ્યો હતો, ત્યારે જૂનાગઢ નવાબ મહાબતખાન-ત્રીજાએ ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ જૂનાગઢ રાજયના પાકિસ્તાન સાથેના જોડાણની જાહેરાત કરતા રાજયની બહુમતી પ્રજાને આંચકો લાગ્યો .જૂનાગઢના દિવાન શાહ નવાઝ ભૂટો ની કાન ભંભેરણીથી નવાબના નિર્ણય સામે સમગ્ર કાઠિયાવાડમાં ખળભળાટ મચી ગયો હતો.

ભૌગોલિક પરિસ્થિતિ તથા વસ્તીના પ્રમાણની દ્રષ્ટિએ આ નિર્ણય તદ્દન અવ્યવહારૂ હતો. નવાબના આ નિર્ણય સામે સરદાર વલ્લભભાઈ પટેલ ના આશીર્વાદ સાથે આરજી હુકુમતની લડત ત્રણ મહિના સુધી ચાલી અને અંતે નવમી નવેમ્બર ૧૯૪૭ ના રોજ જુનાગઢ ભારતમાં જોડાઈ ગયું.

આજે નવમી નવેમ્બરે જૂનાગઢ નો મુક્તિ દિન છે.નવી પેઢીને આરજી હકુમતની લડત દેશની અખંડિતતા સાથે લોકશક્તિ માટે પ્રેરણા આપે છે.

આરઝી હુકુમતની લડાઈ ત્રણ મહિના સુધી ચાલી હતી. પ્રારંભમા મુંબઈમાં રહેતા જૂનાગઢ-કાઠીયાવાડ વાસીઓ દ્વારા ૧૯મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ મુંબઈના વંદે માતરમ કાર્યાલયમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાય; જેમાં ઢેબરભાઈ, શામળદાસ ગાંધી અને અમૃતલાલ શેઠ જેવાં નામી આગેવાનો હાજર રહ્યા હતા. આ સભામાં નવાબ મહાબતખાન ત્રીજાને સમજાવવા એક પ્રતિનિધિ મંડળ મોકલવાનું નક્કી થયું હતું.

મુંબઈમાં ૨૫ સપ્ટેમ્બર, ૧૯૪૭ ના રોજ જૂનાગઢની 'આરઝી હકૂમત' નામની સમાંતર સરકાર સ્થાપી, તેને જૂનાગઢની સાચી સરકાર જાહેર કરવામાં આવી. આ સરકારનો અને જૂનાગઢની પ્રજાની આઝાદીના જાહેરનામાનો મુસદ્દો કનૈયાલાલ મુનશીએ ઘડ્યો હતો. આરઝી હકૂમતને સંપૂર્ણ બંધારણીય સ્વરૂપ આપવાના હેતુથી તેમાં માત્ર જૂનાગઢ રાજ્યના લોકોને જ લેવાના હતા. આ સરકારના વડા તરીકે મહાત્મા ગાંધીજીના ભત્રીજા અને 'વંદે માતરમ' દૈનિકના તંત્રી શામળદાસ લ. ગાંધીને નીમવામાં આવ્યા હતા. તેના પ્રધાનમંડળના અન્ય સભ્યો હતા ભવાનીશંકર ઓઝા, દુર્લભજી ખેતાણી, રતુભાઈ અદાણી, મણિલાલ દોશી, નરેન્દ્ર નથવાણી અને સુરગભાઈ વરૂ. પછીથી શ્રીમતી પુષ્પાબહેન મહેતાને પણ પ્રધાનમંડળમાં લેવાયાં હતાં. આરઝી હકૂમતની સ્થાપનાના એક દિવસ અગાઉ ગાંધીજીએ પણ પ્રાર્થનાસભામાં કહેલું, 'જૂનાગઢ પાકિસ્તાનસે જાના ચાહિયે.' આરઝી હકૂમતનું પ્રધાનમંડળ તેની સ્થાપના પછીના ત્રીજા દિવસે મુંબઈથી રાજકોટ આવ્યું અને તુરત બે દિવસ બાદ (૩૦ સપ્ટેમ્બરે) રાજકોટમાંનું 'જૂનાગઢ હાઉસ' (હાલનું સરદારબાગ અતિથિગૃહ) કબજે કરી રાજકોટમાં પોતાનું સચિવાલય પણ સ્થાપ્યું. ત્યારબાદ તેણે જૂનાગઢના આર્થિક બહિષ્કારના કાર્યક્રમને અસરકારક બનાવવા ખૂબ જહેમત લીધી હતી. સૌરાષ્ટ્ર તેમજ ભારતનાં અનેક મોટાં શહેરોમાં જૂનાગઢ બહિષ્કાર સમિતિઓ રચાઈ હતી.

વિજયા દશમીના દિવસે આરઝી હકુમતે સૌપ્રથમ અમરાપુર ગામ ઉપર કબજો મેળવ્યો હતો. આરજી હકમતની લડતમાં અનેક નામી અને અનામી આગેવાનો -સ્વાતંત્ર વીરો જોડાયા હતા. એમાંના એક બિલખાના દુર્લભજીભાઈ નાગ્રેચાનું પણ યોગદાન હતું. તેઓ આરજી હુકુમતના ગુપ્તચર વિભાગમાં સેવા આપી હતી અને તેમના પત્ની વિજયાલક્ષ્મી બેને મહિલાઓમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યું હતું. આરઝી હકુમત ના કાર્યકરો સેનાનીઓ અને સમર્થકો એક પછી એક ગામ કબજે કરવા લાગતા અંતે લોકશક્તિનો વિજય થયો હતો અને જૂનાગઢના નવાબે જુનાગઢ રાજ્ય છોડી દેતા અંતે નવમી નવેમ્બર ૧૯૪૭ના રોજ જુનાગઢ આઝાદ થયો હતો અને સૌ પ્રથમ ઉપરકોટમાં તિરંગો લહેરાયો હતો ત્યારબાદ ૧૩ નવેમ્બરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જૂનાગઢની મુલાકાત દરમ્યાન બહાઉદ્દીન કોલેજના મેદાનમાં લોકમત લેવામાં આવ્યો હતો જેમાં લોકોએ ભારતમાં જોડાવાનો મત આપ્યો હતો.

## આરઝી હકુમતના ગુપ્તચર વિભાગના વડા દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમની ટુકડીએ વિજયાદશમીના દિવસે અમરાપુર ગામનો કબ્જો સંભાળ્યો હતો



અમરાપુર ગામનાં ઐતિહાસીક વિજય બાદ દુર્લભજીભાઈ નાગ્રેચા (બંડી જાકીટધારી) અને તેમની ટીમનું ફુલહારથી સ્વાગત કરાયું



આરઝી હકુમતનાં ગુપ્તચર વિભાગનાં વડા દુર્લભજીભાઈ નાગ્રેચા

જૂનાગઢ, તા.૯

જૂનાગઢને મુકિત અપાવવા માટે આરઝી હકુમતના લડવૈયાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. નામી અનામી વીર સૈનિકોએ માતૃભૂમિની રક્ષા માટે જે લોક ક્રાંતિ કરી હતી અને અનોખો ઈતિહાસ સર્જયો હતો તે યાદગાર છે. જૂનાગઢની આઝાદીની ચળવળમાં સોરઠ પંથકની પ્રજાએ મહત્વનું યોગદાન આપેલ છે. ત્યારે જૂનાગઢ જીલ્લાના બિલખા ગામના વતની શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના ધર્મપત્ની વિજયાલક્ષ્મીબેન નાગ્રેચાનું પણ યોગદાન રહ્યું છે. આરઝી હકુમતની સેનામાં ગુપ્તચર વિભાગના વડા તરીકે રહેલા શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમની ટુકડીએ ૯મી સપ્ટેમ્બરના રોજ કુંકાવાવ ખાતે થાણું નાખ્યું હતું અને ૨૪ ઓકટોબર ૧૯૪૭ના વિજયાદશમીના દિવસે ભેંસાણ મહાલના અમરાપુર ગામનો કબ્જો સંભાળ્યો હતો અને વિજયના શ્રી ગણેશ કર્યા હતા. ત્યાર પછી આરઝી હકુમતની વિવિધ ટુકડીઓએ જૂનાગઢ રાજયના બધાજ ગામોનો કબ્જો મેળવી અને જૂનાગઢને સાચા અર્થમાં આઝાદી અપાવી હતી અને ૯મી નવેમ્બર જૂનાગઢ આઝાદ થયું હતું.

# અખિલ ગુજરાત ગીરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધા - ૨૦૨૩-૨૪

## આરોહણ અ.વરોહણ સ્પર્ધામાં ભાગ લેવા સ્પર્ધકોએ તા. ૧૫ ડિસેમ્બર સુધીમાં અરજી કરવી

જૂનાગઢ, તા.૯

ગુજરાત રાજયના રમત-ગમતયુવા અને સાંસ્કૃધત્તિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે આગામી જાન્યુઆરી - ૨૦૨૪ના પ્રથમ અઠવાડીયા દરમ્યાન જૂનાગઢ માં ગુજરાત રાજયના યુવક અને યુવતિઓમાટેની અખિલ ગુજરાત ગીરનાર આરોહણ - અવરોહણ સ્પતર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં સ્પર્ધકો ૧૪ થી ૧૮ અને ૧૯ થી ૩૫ ની વય મર્યાદામાં સિનિયર - જુનિયર વિભાગમાં ભાગ લઈ શકશે બન્નો વિભાગના ભાઈઓ માટેની સ્પનર્ધા ગીરનાર તળેટીથી અંબાજી મંદિર સુધીના ૫૫૦૦ પગથીયા અને બન્ને વિભાગની બહેનો માટે ગીરનાર તળેટીથી માળી પરબ સુધીના ૨૨૦૦ પગથીયા ચઢીને ઉતરવાના રહેશે. ભાઈઓની સ્પાર્ધાની સમય મર્યાદા ૨-૦૦ કલાક અને બહેનોની સ્પીર્ધા માટે ૧-૧૫ કલાકની સમય મર્યાદા રહેશે. આ સ્પર્ધા નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરનાર સ્પર્ધકોને જ પ્રમાણપત્રો આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયત પ્રવેશપત્રો દરેક જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીથી રૂબરૂમાં મળશે. તેમજ વધુમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીબ્લોક નં.૧, પ્રથમ માળ બહુમાળી ભવનસરદાર બાગજૂનાગઢ ખાતેથી પણ વિના મૂલ્યેય મળી શકશે. તેમજ **Facebook Id –Dydo Junagadh** ઉપરથી ઓનલાઈન મળી શકશે. દરેક સ્પર્ધકોએ નિયત પ્રવેશપત્રો માંગ્યાજ મુજબની પૂરી વિગતો સાથે જિલ્લામ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ ખાતે કચેરીના ચાલુ દિવસ દરમિયાન તા.૧૫/૧૨/૨૦૨૩ સુધીમાં પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બહાર મળેલા ફોર્મ અને અધુરી વિગતો વાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. સ્પર્ધાની નિયત તારીખ તથા પસંદગી થયેલ યાદી ફેસબુક આઈડી ઉપર મુકવામાં આવશે. વધુ વિગતો માટે કચેરીના ફોન નં.(૦૨૮૫)૨૬૩૦૪૯૦ નો સંપર્ક કરવો.

# સ્વર્ણિમ ઈન્ક્યુબેશન સેન્ટરે એરોપોનિક્સની મદદથી ગુજરાતમાં કેસરની ખેતીનો નવતર પ્રયોગ કર્યો

## બે વર્ષથી કાર્યરત સ્ટાર્ટઅપે માટી કે પાણીનો ઉપયોગ કર્યા વગર ગુજરાતમાં ઉચ્ચ ગુણવત્તાનું કેસર ઉગાડ્યું

અમદાવાદ, તા.૯

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટીના સ્વર્ણિમ ઈન્ક્યુબેશન સેન્ટર ખાતે ઈન્ક્યુબેટ થયેલાં ગાંધીનગર સ્થિત સ્ટાર્ટઅપે એરોપોનિક્સની મદદથી એક નવતર પ્રયોગ કરીને ગુજરાતમાં કેસરની ખેતી કરવાની એક નવી પદ્ધતિ સફળતાપૂર્વક વિકસાવી છે. ઉલ્લેખનીય છે કે, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ભારતની પ્રથમ યુનિવર્સિટી છે, જે સ્ટાર્ટઅપ્સનું સંવર્ધન કરવા અને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે. સામાન્ય રીતે ઠંડી આબોહવામાં ઉગતા અને ભારતના કાશ્મીરમાં જોવા મળતાં કેસરને અહીં સફળતાપૂર્વક ઉગાડવામાં આવ્યું છે. સાહિલ નિનામા અને મયંક ડાભી દ્વારા ડિસેમ્બર ૨૦૨૧માં એરોપોનિક્સ સેફ્રન ફાર્મિંગ નામના સ્ટાર્ટઅપની સ્થાપના કરવામાં આવી હતી.તેને આ વર્ષની શરૂઆતમાં સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના સ્વર્ણિમ ઈન્ક્યુબેશન સેન્ટર ખાતે ઈક્યુબેટ કરવામાં આવ્યું હતું. એરોપોનિક્સ સેફ્રન ફાર્મિંગના સહ-સ્થાપક સાહિલ નિનામાએ સમજાવ્યું હતું કે, 'ભારતમાં કેસરની ખેતી જમ્મુ-કાશ્મીરમાં વર્ષમાં એક જ વખત થાય છે. જોકે, અમે એરોપોનિક્સ નામની પદ્ધતિનો ઉપયોગ કરીને અમારી યુનિવર્સિટીના કેમ્પસમાં જ ૧૦૬૧૦ ફૂટના વિસ્તારમાં તેને સફળતાપૂર્વક ઉગાડ્યું છે. કેસરની ખેતીની આ પદ્ધતિની વિશેષતાઓ એ છે કે, વર્ષમાં એકવારને બદલે વર્ષમાં ચાર વખત તેનો પાક લઈ શકાય છે. આથી વિશેષ, અમે કેસરની ઉત્પાદનપ્રક્રિયાને પણ સુધારી છે અને તેમાં લાગતા સમયને ઘટાડીને એક-ચતુર્થાંશ જેટલો કરી દીધો છે.' આ ફર્મના સહ-સ્થાપક મયંક ડાભીએ જણાવ્યું હતું કે, 'આગળ જતાં અમે ગુજરાતમાં ખરાબાની જમીન તેમજ વણવપરાયેલી જમીનમાં કેસરની ખેતી કરવાનું વિચારી રહ્યાં છીએ. તેની ખેતીમાં અમે એરોપોનિક્સ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે, જેમાં માટી અને પાણીનો ઉપયોગ થતો નથી અને તેના બદલે કૃત્રિમ વાતાવરણની રચના કરવામાં આવે છે. અમે રૂ. ૩ લાખનું રોકાણ કરીને કેસરની ખેતી સફળતાપૂર્વક કરી શક્યાં છીએ. આ પદ્ધતિનો ઉપયોગ કરીને અમે કેસરની ૧૦૦ કિગ્રા ગાંઠમાંથી ૫૦૦-૬૦૦ ગ્રામ કેસરની ઊપજ મેળવી શક્યાં છીએ. રસપ્રદ વાત તો એ છે કે, આ નવી પદ્ધતિ દ્વારા ઉગાડવામાં આવેલા કેસરની ગુણવત્તા જરાયે ખરાબ થઈ નથી.'સેફ્રાનલ, ક્રોસિન અને પ્રોક્રોસિન જેવા કન્ટેન્ટની ચકાસણી કરવા કેસરના આ પાકને પ્રોડક્ટ ટેસ્ટિંગ માટે પણ મોકલી આપવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં આ સ્ટાર્ટઅપને રૂા.૧.૪૬ લાખનું ફન્ડિંગ પ્રાપ્ત થયું છે, જેમાં રાજ્ય સરકાર અને યુનિવર્સિટીએ કેસરની ખેતી કરવા સંયુક્તપણે યોગદાન આપ્યું છે. આ સ્ટાર્ટઅપનો ઉદ્દેશ્ય કેસરનું ઉત્પાદન વિસ્તારવાનો તથા માર્કેટમાં રીટેઈલમાં વેચવાનો છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી આદિ જૈનએ જણાવ્યું હતું કે, 'સ્વર્ણિમ ખાતે અમારો એકમાત્ર ઉદ્દેશ્ય વિચારોનું સંવર્ધન કરવાનો તથા સામાજિક-આર્થિક સમસ્યાઓને ઉકેલવામાં મદદરૂપ થનારા પ્રોટોટાઈપ્સ અને નવીનીકરણોમાં તેને વિકસાવવાનો છે.કેસરની ખેતીમાં કરવામાં આવેલું આ નવીનીકરણ ભારતના સ્વદેશી પાકોને વૈશ્વિક સ્તરે લઈ જવામાં અને ખેડૂતોને વધુ સારી કમાણી કરવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. એસએસઆઈયુમાં અમારું વિઝન શિક્ષણ, સંશોધન અને નવીનીકરણ મારફતે વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો તથા તેમના સર્જનાત્મક દિમાગનો ઉપયોગ કરવા તેમને મદદરૂપ થવાનો તથા ઉન્નત સમાજનું નિર્માણ કરવા માટે નવીનીકરણને વિકસાવવા, પ્રોત્સાહન આપવા અને ઉપયોગ કરવા તેમને સક્ષમ બનાવવાનો છે.'

### દિવાળીના તહેવારો દરમ્યાન

## તા.૧૦ થી ૧૫ નવેમ્બર સુધી ટ્રાફિક નિયમન માટે વાહનો માટે પ્રવેશબંધી રહેશે

જૂનાગઢ, તા.૯

દિવાળીના તહેવારો દરમ્યાન શહેરમાં ખરીદીના હેતુથી લોકોની અવરજવર વિશેષ રહેતી હોય છે. આ દરમ્યાન ટ્રાફિક નિયમન માટે વાહનો માટે પ્રવેશબંધીનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

શહેરના પંચહાટડી ચોકથી કાળવા ચોક સુધીનો માંગનાથ રોડ તેમજ પંચહાટડી ચોકથી દિવાન ચોક તરફ જવાનો હવેલીવાળો રોડ સાંકડો હોય, તેમજ આ રોડ પર મોટા ભાગની કાપડની દુકાનો આવેલી છે. અહિ તહેવારો દરમિયાન લોકોની અવરજવર ખૂબ જ રહેતી હોય છે. આગામી દિવાળીના તહેવારોને ધ્યાને રાખી ટ્રાફિક નિયમનના હેતુસર રસ્તાઓ ઉપર ફોરવ્હીલ, ઓટોરીક્ષા, છકડો રીક્ષા, સ્કુટર, સાઈકલો, હાથલારી વગેરે તમામ પ્રકારના વાહનો લાવવા કે લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ રસ્તાઓમાં આઝાદ ચોક પોસ્ટ ઓફિસ પાસેથી પંચહાટડી ચોકથી દિવાન ચોક તરફ જતા માલીવાડા રોડના નાકા સુધી, પંચહાટડી ભોકથી ગેબનશાહપીરની દરગાહ, દાણાપીઠ સુધીનો સમાવેશ થાય છે.

જયારે મોર્ડન ચોક થી એમ.જી.રોડ, ચીતાખાના ચોક સુધી તથા દાણાપીઠ વિસ્તારમાં ભારે વાહનો જેવા કે બસ, ટ્રેક્ટર, મેટાડોર જેવા તમામ પ્રકારના ભારવાહક વાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે. આ જાહેરનામુ તા. ૧૦/૧૧/૨૦૨૩ થી તા.૧૫/૧૧/૨૦૨૩ સુધી સવારના ૮-૦૦ કલાકથી રાતના ૧૨- ૦૦ કલાક સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# દિવાળી શારદા પુજન ચોપડા ખરીદવા માટેના શુભ મુહૂર્તો

જૂનાગઢ શહેર તથા જૂનાગઢ જિલ્લામાં આદરણીય સ્થાન ધરાવતા વૈષ્ણવ સંપ્રદાય તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના જયોતિષી શ્રી દિનેશકુમાર અનંતરાય ભટ્ટએ ધનતેરશ, શારદાપુજન તેમજ ચોપડા ખરીદવાના શુભ મુહુર્તો આપેલા છે.

જૂનાગઢ પ્રસિધ્ધ જયોતિષ શ્રી દિનેશકુમાર અનંતરાય ભટ્ટએ જૂનાગઢના પ્રસિધ્ધ કાગદી પુજા સ્ટેશનર્સ, માલીવાર૪ડા રોડ, જૂનાગઢના પ્રયાસોથી નીચે મુજબ આપેલા છે.

**(૧) ધનતેરસ** : લક્ષ્મીપુજન ચોપડા ખરીદવા ગાદી બીછાવવા વગેરેના શુભ મુર્હતો : સંવત ૨૦૭૯ આસો વદી બારસ શુક્રવાર તા. ૧૦-૧૧-૨૦૨૩ ના રોજ ધનતેરસ મનાવવામાં આવશે. ધનતેરસનો પ્રારંભ શુક્રવારે બપોરના ૧૨ કલાક ૩૬ મીનીટ પછી પ્રારંભ થાય છે. જે બીજે દિવસે શનિવારે બપોરના ૧ કલાક ૫૮ મીનીટ સુધી ધનતેરસ રહેનાર છે, પોતાની પરંપરા પ્રમાણે ધનતેરસની પુજા કરવી. શુક્રવારની ધનતેરસના મુર્હુતો બોરે ૧૨ કલાક ૩૬ મીનીટથી બશેરે ૧ કલાક ૫૫ મીનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ બપોરે ૪ કલાક ૪૧ મીનીટથી સાંજે ૬ કલાક ૪ મીનીટ સુધી ચલ ચોઘડીયું તેમજ રાત્રે ૯ કલાક ૧૮ મીનીટથી રાત્રે ૧૦ કલાક ૫૫ મીનીટ સુધી લાભ ચોઘડીયું તેમજ રાત્રે ૧૨ કલાક ૩૨ મીનીટથી વહેલી સવારે ૫ કલાક ૨૩ મીનીટ સુધી ચલ ચોઘડીયું. જે લોકો પોતાની પરંપરા પ્રમાણે સવારે ધનતેરસની પુજા કરતા હોય છે. તેઓએ શનિવાર તા. ૧૧-૧૦-૨૦૨૩ ના રોજ સવારે ૮ કલાક ૨૨ મીનીટથી સવારે ૯ કલાક ૪૬ મીનીટ સુધી શુભ ચોઘડીયામાં ધનતેરસની પુજા કરવી.

**(૨) દિવાળી** : દિપોત્સવી શારદા પુજન વગેરેના શુભ મુર્હુતો : સંવત ૨૦૦૯ આસો વદી ચૌદશ રવિવાર તા. ૧૨-૧૧-૨૦૨૩ ના રોજ દિવાળી મનાવવામાં આવશે. દિવાળી બપોરના ૨ કલાક ૪૫ મીનીટ પછી પ્રારંભ થાય છે. આ પ્રદોષ વ્યાપીની અને નિશિથ કાળની સમાવસ્યા હોવાથી આ દિવસે લક્ષ્મીપુજન કરવું. દિવાળીના શુભ મુર્હુતો બપોરે ૨ કલાક ૪૫ મીનીટથી બપોરે ૩ કલાક ૧૯ મીનીટ સુધી શુભ ચોઘડીયાના અમુક ભાગ તેમજ સાંજે સુર્યાસ્ત પછી ૬ કલાક ૫ મીનીટથી રાત્રે ૧૦ કલાક ૫૬ મીનીટ સુધી શુભ, અમૃત તેમજ ચલ ચોઘડીયા તેમજ મોડી રાત્રે ૨ કલાક ૧૦ મીનીટથી રાત્રે ૩ કલાક ૪૭ મીનીટ સુધી લાભ ચોઘડીયું.

પ્રદોષકાળ પ્રમાણે રવિવારે સાંજે ૬ કલાક ૩ મીનીટથી રાત્રે ૮ કલાક ૩૮ મીનીટ સુધી પ્રદોષકાળનો સમય શ્રેષ્ઠ ગણાય છે. તેમજ વૃષભ લગ્ન પ્રમાણે સાંજે ૬ કલાક ૧૬ મીનીટથી રાત્રે ૮ કલાક ૮ મીનીટ સુધી વૃષભ લગ્ન, ચોપડા પુજન માટે શુભ ગણાય.

(૩) નૂતન વર્ષ : સંવત ૨૦૮૦ કારતક સુદ એકમ મંગળવારે તા. ૧૪-૧૧-૨૦૨૩ ના રોજ નૂતન વર્ષ મનાવવામાં આવશે. સંવત ૨૦૮૦ નૂતનવર્ષ ચોપડામાં મિતી પધરાવવાના મુહુર્તો મંગળવારના સૂર્યોદય પહેલા એટલે કે સોમવારની પાછલી રાત્રે ૨ કલાક ૭ મીનીટથી વહેલી સવારે ૬ કલાક ૫૮ મીનીટ સુધી શુભ, અમૃત તેમજ ચલ ચોઘડીયા તેમજ મંગળવારે સવારે ૯ કલાક ૪૮ મીનીટથી બપોરે ૧ કલાક ૫૭ મીનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયા.

(૪) ભાઈબીજ : સંવત ૨૦૮૦ કારતક સુદ બીજ બુધવાર તા. ૧૫-૧૧-૨૦૨૩ ના રોજ ભાઈ બીજ મનાવવામાં આવશે.

(૫) લાભ પંચમી : સંવત ૨૦૮૦ કારતક સુદ પાંચમ શનિવાર તા. ૧૮-૧૧-૨૦૨૩ ના રોજ લાભપંચમી મનાવવામાં આવશે.

(૬) જલારામ જયંતિ : સંવત ૨૦૮૦ કારતક સુદ છઠ્ઠ-સાતમ રવિવાર ક્ષય તિથી છે, તા. ૧૯-૧૧-૨૦૨૩ ના રોજ જલારામ જયંતિ મનાવવામાં આવશે.

**નોંધ – ધનતેરસ, દિવાળી, નુતન વર્ષ વગેરેના શુભ મુહુર્તો જૂનાગઢના પ્રખ્યાત જયોતિષી દિનેશકુમાર અનંતરાય ભટ્ટ એ સુર્યોદય, સુર્યાસ્તની ગણતરી કરીને આપેલા છે. તેમજ પ્રદોષકાળ પ્રમાણે વૃષભ લગ્ન ગણતરી પૂર્વક આપેલ છે.**

વધુ વિગત માટે જૂનાગઢના કાગદી પૂજા સ્ટેશનર્સ
માલીવાડા રોડ, જુની સેન્ટ્રલ બેંકની સામે જૂનાગઢવાળા
હિતેષભાઈ પારેખનો સંપર્ક કરવો.
મોબાઈલ નંબર : ૯૯૨૪૩ ૨૫૭૩૨ - ૯૯૦૪૦ ૩૪૨૧૧

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## ચૂંટણી ફંડમાં પારદર્શિતા લાવવાનો હવે સમય પાકી ગયો છે

દેશના સૌથી મોટા વકીલોમાં એક ગણાતા એટર્ની જનરલ આર.વેંકટરમણે સુપ્રીમ કોર્ટમાં ચૂંટણી બોન્ડ યોજનાને પડકાર આપનારી અરજીઓની સુનાવણી પહેલાં કેન્દ્ર સરકારનો પક્ષ મૂક્યો છે. કહ્યું કે દેશની જનતાને રાજકીય પક્ષોને કોણ ફંડ આપે છે તે જાણવાનો અધિકાર નથી. ચૂંટણી બોન્ડ ફંડ આપવાનો એક સ્વચ્છ રસ્તો છે, તેથી તેનાં નામ જાહેર ન કરી શકાય. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટની બંધારણીય પીઠ કરી રહી છે. સુપ્રીમ કોર્ટના જ એક ચુકાદા અનુસાર દરેક ઉમેદવારને બાધ્ય કરવામાં આવ્યા છે કે ચૂંટણી દરમ્યાન તે પોતાની અપરાધિક પૃષ્ઠભૂમિની જાણકારી આપે. મતદારોને અપરાધિક છબિના ઉમેદવારો વિશે જાણવાનો હક્ક તો છે, પરંતુ પક્ષોના ફંડનો સ્રોત શો છે તે જાણવાનો અધિકાર નથી! એટર્ની જનરલે આ માટે તર્ક આપ્યો છે કે ઉમેદવારોના અપરાધિક ઈતિહાસને જાણવાના અધિકારનો મતલબ એ નથી કે પાર્ટીઓના વિત્તપોષણ વિશે જાણવાનો અધિકાર પણ છે.

૨૦૧૮માં ચૂંટણી બોન્ડ દ્વારા ફંડ લેવાનો કાયદો બનાવવામાં આવ્યો હતો. હવે રાજકીય પક્ષો તેના માધ્યમથી ફંડ લે છે. તત્કાલીન નાણાંમંત્રી અરૂણ જેટલીએ દાવો કર્યો હતો કે આ વ્યવસ્થા શરૂ થવાથી દેશમાં રાજકીય પક્ષોને મળનારા ફંડની પ્રક્રિયામાં પારદર્શિતા આવશે. કાયદો બનાવતી વખતે તેમાં કાળા નાણાં અને ભ્રષ્ટાચાર પર પણ લગામ લાગવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ બોન્ડ એક હજાર, ૧૦ હજાર, એક લાખ, ૧૦ લાખ અને એક કરોડ રૂપિયાના ગુણાંકમાં ઉપલબ્ધ છે. તેને માત્ર એસબીઆઈની ચુનંદી શાખાઓમાંથી જ ખરીદી શકાય છે. ખરીદનારને બેંક ખાતામાંથી ચૂકવણી કરવાની હોય છે. ભારતનો કોઈપણ નાગરિક કે સંસ્થા આ બોન્ડ ખરીદીને પક્ષોને આપવા સ્વતંત્ર છે. બોન્ડ પર દાનદાતાનું નામ લખેલું નથી હોતું. આ દાન લેવાનો હક્ક માત્ર એ પક્ષોનો છે, જેમને ચૂંટણી પંચની માન્યતાની સાથે એક ટકાથી વધારે મતો મળ્યા હોય.

નાણાં વિધેયક-૨૦૧૭માં જોગવાઈ છે કે કોઈ વ્યક્તિ કે કંપની ચેક કે ઈ-પેમેન્ટ દ્વારા ચૂંટણી બોન્ડ ખરીદી શકે છે. તે બેરર ચેકની જેમ બેરર બોન્ડ હોય છે. જેમ કે તેમને પક્ષો ચેકની જેમ વટાવી શકે છે. બોન્ડ માત્ર ઈ-ટ્રાન્સફર કે ચેકથી ખરીદી શકાય છે, તેથી ખરીદનારનું નામ-સરનામું તો હશે, પરંતુ મેળવનારનું નામ ગુપ્ત રહેશે. તેનાથી કાળા નાણાંને ઉત્તેજન મળવાની આશંકા છે. કંપનીઓ આ બોન્ડને રાજકીય પક્ષોને આપીને ફરીથી કોઈ અન્ય રૂપે પાછા લઈ શકે છે. કોઈ કંપની કે વ્યક્તિ બોન્ડ ખરીદવા પર કરવામાં આવેલ ખર્ચને પોતાના સરવૈયામાં તો નોંધશે, પરંતુ એ જણાવવા બાધ્ય નહીં રહે કે તેણે આ બોન્ડ કોને આપ્યા છે. જ્યારે આ સરકારે કાળા નાણાં પર અંકુશ લગાવવાની દૃષ્ટિથી રાજકીય પક્ષોને મળનારા રોકડ ફંડમાં પારદર્શિતા લાવવાની પહેલ કરતાં રોકડ ફંડની સીમા ૨૦,૦૦૦ રૂપિયાથી ઘટાડીને ૨,૦૦૦ રૂપિયા કરી દીધી હતી. કેન્દ્ર સરકારે આ પહેલ ચૂંટણી પંચની ભલામણ પર કરેલ હતી. પંચે તેના માટે જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧માં સંશોધનનું સૂચન કર્યું હતું. આ કાયદામાં સંશોધન બાદ જરૂરિયાત એ હતી કે દાનમાં મળનારા ૨૦૦૦ રૂપિયા સુધીની રકમના દાનદાતાની ઓળખને આધાર નંબર સાથે જોડવામાં આવતી, જેનાથી દાનદાતા વિશે ખબર પડે. પરંતુ એવું ન કરતાં સરકારે ચૂંટણી બોન્ડ દ્વારા ઉપરોક્ત જોગવાઈઓ પર પાણી ફેરવી દીધું. એટર્ની જનરલની દલીલથી માની શકાય કે સરકાર રાજકીય ફંડમાં પારદર્શિતાના હકમાં નથી.

એક અનુમાન અનુસાર દેશની લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓમાં ૫૦ હજાર કરોડ રૂપિયાથી વધારે ખર્ચ થાય છે. આ ખર્ચમાં મોટી રકમ કાળા નાણાં અને ગેરકાયદે મૂડી હોય છે, જે ઔદ્યોગિક ગૃહો અને મોટા વેપારીઓ પાસેથી લેવામાં આવે છે. આર્થિક ઉદારવાદ બાદ આ બીમારી તમામ પક્ષોમાં ફેલાઈ. આ કારણે પક્ષોમાં જનભાગીદારી સતત ઘટી રહી છે. જેમ કે કોર્પોરેટ ફંડિંગે ગ્રાસ રૂટ ફંડિંગનું કામ ખતમ કરી દીધું છે. આ કારણે પક્ષોમાં જ્યાં આંતરિક લોકતંત્ર સમાપ્ત થઈ ગયું, ત્યાં જ આમ આદમીથી તેમની દૂરી પણ વધતી ગઈ. પક્ષો સામાન્ય કાર્યકર્તાઓને બદલે ધનિકોને ઉમેદવાર બનાવી રહ્યા છે. પરિણામે લોકસભા અને વિધાનસભાઓમાં પૂંજીપતિ જનપ્રતિનિધિઓની સંખ્યા સતત વધી રહી છે. ચૂંટણી બોન્ડે તો હવે પક્ષોને એ સુવિધા પણ આપી છે કે તેમને જે ફંડ બોન્ડ દ્વારા મળશે, તેની જાણકારી ચૂંટણી પંચને પણ આપવાની જરૂર નથી! આશંકા છે કે આ ફંડના બદલામાં પક્ષો ઔદ્યોગિક ગૃહોનાં હિત સાધવાનું કામ કરી શકે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અહંકારરૂપી રાક્ષસથી દૂર રહેવું.

- શ્રી રામ શર્મા આચાર્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૧૧ રમા એકાદશી, વાઘ બારસ, ગોવત્સ બારસ તા.૯ નવેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૪, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, વૈધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૦૨, સૂ.અ.૬:૦૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ-ઠ-ણ) છે - કમલેશ સી. વ્યાસ

મેષ: સામાજીક માન, પ્રતિષ્ઠા મળે. કર્મચારીઓને લાભ અપાવી શકશો.
વૃષભ: હિતશત્રુઓથી સાવધ રહેવું. વડીલવર્ગ તરફથી ઠપકો મળે.
મિથુન: ભાગીદારીથી સમજીને વ્યવહાર કરવો. માન, પ્રતિષ્ઠા અને યશ મળે.
કર્ક: મન પ્રસન્ન રહે. સંતાનો માટે ખરીદી થાય.
સિંહ: મિલ્કતના પ્રશ્નો અંગે ચિંતા રહે. આકસ્મિક ચિંતા ઉદભવે.
કન્યા: સંદેશો મેળવવા-આપવામાં અનુકુળતા રહે. કાર્યસફળતા મળે.
તુલા: વડીલોનો સહકાર મળે. નાણાંકીય બોજ હળવો બને.
વૃશ્ચિક: જૂના આયોજનોને અમલમાં મૂકી શકાય.
ધન: ખર્ચનો પ્રસંગ બને. ઉતાવળ ન કરવી હિતાવહ.
મકર: મિત્રોથી આર્થિક લાભ મળે. નવા સંબંધો લાભદાયી નીવડે.
કુંભ: ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય. મિલ્કતના પ્રસંગો અંગે નિર્ણય લઈ શકાય.
મીન: અધ્યાત્મિક ક્ષેત્રે ખર્ચ થાય. વ્યર્થ દોડા-દોડી થાય.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટી પ્રેરિત કલ્ચરલ ફોરમ દ્વારા બાળકો અને યુવાનો માટે ગરબા સ્પર્ધા યોજાઈ



(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૯

સૌરાષ્ટ્ર યુનિ. કર્મચારી કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. દ્વારા સોસાયટી ના રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં રાસ ગરબા હરિફાઈનું સુંદર આયોજન મુખ્ય મહેમાન સિઝન સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અલકાબેન વોરાની ઉપસ્થિતીમાં કરવામાં આવેલ. જેમાં સોસાયટીના દરેક પરિવારે ઉત્સાહથી ભાગ લીધેલ.

આ હરિફાઈમાં ૧૫ વર્ષથી નાની ઉંમરમાં જુનિયરમાં પ્રથમ નંબરે ઓમ મિતેશભાઈ સોલંકી, દ્વિતિય નંબરે રુદ્રરાજ સુમિતસિંહ પરમાર તેમજ કેશવા જીગ્નેશભાઈ પરસાણિયા તેમજ તૃતીય નંબરે મલાર સુજીતભાઈ નાયર વિજેતા થયેલ. દરેક બાળ-સ્પર્ધકોએ સુંદર રાસ લઈ અને નિર્ણાયકો દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરેલ. જ્યારે બીજા ગ્રુપમાં ૧૫ વર્ષ થી મોટી વયના સ્પર્ધકોમાં પ્રથમ નંબરે હર્ષ યોગેશભાઈ જોશી, દ્વિતિય નંબરે એલન સજી અને તૃતીય નંબરે આશી સજી તેમજ ધાર્મિ મહેન્દ્રભાઈ ભલાણીએ ઈનામ મેળવેલ તેમજ ખૂબજ સરસ રાસ ની રમઝટ બોલાવી. સિનિયર કેટેગરી માં પ્રથમ, દ્વિતીય, તેમજ તૃતીય માટે બે સ્પર્ધકોએ રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરી પ્રેક્ષકો ને ખૂબ જ આનંદવિભોર કરેલ.આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા નાયબ પોલીસ અધિક્ષકશ્રી રોહિતસિંહ ડોડિયા, સીઝન સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અલકાબેન વોરા, ડો. ઋચીબેન વસાવડા, વિશાખાબેન બલ્દાણીયા, તૃપ્તિબેન વ્યાસ તેમજ સોસાયટીના વરિષ્ઠ સભ્યોને હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટે વાલજી નથવાણી એન્ડ સન્સના ( વી. એન. એસ.) માલિક બકુલભાઈ નથવાણી અને કાશ્મીરાબેન બકુલભાઈ નથવાણી, સીઝન સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અજયભાઈ જોશી, ટ્રસ્ટી અલકાબેન વોરા, ડો. અનામિક શાહ તેમજ ડી - જ્વેલના માલિક જયેશભાઈ સોની અને દિપાબેન સોની તેમજ ગુજરાત હાઈકોર્ટના અગ્રણી એડવોકેટ મિહિરભાઈ ત્રિવેદી દ્વારા તમામ સ્પર્ધકોને ઉપયોગી થાય તેવા ઈનામો આપવામાં આવેલ હતા. આ ઉપરાંત વિજેતાઓને રોકડ ઈનામ પણ આપવામા આવ્યા હતા.. ગરબા સ્પર્ધાની આ યાદગાર ઈવેન્ટને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ, સહમંત્રી અજયસિંહ પરમાંર , સહમંત્રી રમેશ સભાયા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ઉદ્યોગપતિ શૈલેષભાઈ પટેલ, શ્રી ડી.પી. ત્રિવેદી, જીતેશ પંડિત, કૈલેશકુમાર તન્ના, મૌલિકસિંહ ભટ્ટી, તેમજ સોસાયટીના કલ્ચરલ ફોરમ ના સભ્યો ડો. સેજલબેન ભટ્ટ, માર્ગીબેન રોહિતસિંહ ડોડિયા , ડો. સ્વાતિબેન જોશી, ઋચાબેન દિવ્યેશભાઈ કગથરા, તેમજ ડૉ. પૂજાબેન જીગ્નેશભાઈ પરસાણીયા, શ્રીમતી મીરાબેન ધૈવતભાઈ સોલંકી તથા શ્રી યોગેશભાઈ જોશી અને સુમિતસિહ એ. પરમાર દ્વારા જહેમત ઊઠાવી સુંદર આયોજન કરી આ ગરબા સ્પર્ધા સફળ બનાવેલ.ગરબા સ્પર્ધા માં ડો. ઋચિબેન વસાવડા, તૃપ્તિબેન વ્યાસ તેમજ વિશાખાબેન બલદાણીયાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. તમામ નિર્ણાયકશ્રીનું આયોજકો દ્વારા પુસ્તક અને સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

# રાજયના જિલ્લા મથકોએ જનજાગૃતિ પત્રિકાનું વિતરણ થયું, કાળીચૌદશ દિવસ અશુભ નથી : જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ

**શનિવારે સ્મશાનની મુલાકાત લેવા જાગૃતોને જાથાની અપીલ : વિજ્ઞાન અભિગમ દ્રષ્ટિકોણથી દેશની પ્રગતિ થશે : સદીઓ જુની અંધમાન્યતાને ફગાવીએ : જયંત પંડયા**



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૯

શનિવાર તા.૧૧મીએ દેશભરમાં કાળીચૌદશની ઉજવણી કરવા જાગૃતો થનગની રહ્યા છે. સ્મશાનની મુલાકાત કરી દ્રઢ મનોબળ કેળવવાની જરૂર છે. રાજયમાં જિલ્લા મથકોએ જનજાગૃતિ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સદીઓ જુની અંધમાન્યતાને ફગાવી દિપાવલી પર્વ ઉજવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. રાજકોટ જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોરે જનજાગૃતિ પત્રિકા વિતરણમાં પ્રચાર-પ્રસારને ટેકો આપી અંધશ્રદ્ધાને દેશવટો આપવાની તાતી જરૂરીયાત છે. કુદરત-પ્રાકૃતિક નિયમ અનુસાર ૩૬૫ દિવસ શુભ છે. અશુભ દિવસની માન્યતા જ ખોટી છે. સકારાત્મક વિચારોથી માનવીને ફાયદો થાય છે. રાષ્ટ્રની ઉન્નતિમાં ભાગીદાર થઈ દિપાવલી પર્વ ઉજવીએ તેવી શુભકામના પાઠવી હતી. વિજ્ઞાન જાથા સતત કામ કરે છે તે આપણે સૌ જાણીએ છીએ. આજી ડેમ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એલ. એલ. ચાવડાએ પોતાના વિસ્તારમાં જાથાની અંધશ્રદ્ધા સામે જાગૃતિ પત્રિકા વિતરણને ટેકો આપતા માનવીને પોતાના અહંકાર, પૂર્વગ્રહો જ નડે છે. કાળીચૌદશની ઉજવણીમાં ભાગ લેવો કર્તવ્ય બની જાય છે. રાષ્ટ્રની પ્રગતિમાં ભાગીદાર થવું જોઈએ. મહિકા ગામમાં કાયદો વ્યવસ્થાની ખાસ તકેદારી રાખવામાં આવશે. નાગરિક ધર્મને અનુસરવું જોઈએ. જાથાના રાજય-ચેરમેન જયંત પંડયાએ રાજયના ૩૩ જિલ્લા મથકોએ કાર્યકરો-શુભેચ્છકોની મદદથી જનજાગૃતિ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સદીઓથી કાળીચૌદશે ચાર ચોકમાં કુંડાળા કરી ખાદ્ય અનાજ મુકવાથી કોઈ પરિણામ આવ્યું નથી ત્યારે નૂતન અભિગમને પ્રાધાન્ય આપવું જોઈએ. ગેરમાન્યતા, કુરિવાજો, કુપ્રથાને ફગાવી વિજ્ઞાન દ્રષ્ટિકોણ અપનાવવા હાકલ



કરવામાં આવી હતી. રાજયમાં ગામે-ગામ જાગૃતો કાળીચૌદશે સ્મશાનની મુલાકાત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો. મહિકા ગામના પૂર્વ સરપંચ બાબુભાઈ મોલીયાએ સ્મશાનને શણગારવાની તૈયરી સાથે સ્વચ્છતાને પ્રાધાન્ય આપ્યું છે. ગામમાં અનેરો ઉત્સાહ છે. મેલીવિદ્યાની નનામીના ભયને બાળીને ભસ્મ કરવામાં આવશે. શનિવારે રાત્રે સ્મશાનમાં હાજરી આપવા ગ્રામજનોને અપીલ કરી હતી.

## દ્વારકાનાં ખતુંબા ગામનાં હરેશ ઠાકર આર્મીમાં સેવા નિવૃત થતા ગામ લોકોએ સ્વાગત કર્યું





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૯

આજથી સતર વર્ષ પહેલાં દેવભૂમિ દ્વારકા ના ખતુંબા ગામ ની એક અબોટી બ્રાહ્મણ દંપતિ નો બીજા નંબર નો દિકરો (હરેશ પ્રાણજીવન ઠાકર) માં ભોમ ભારત માતાની અને દેશના સીમાડા ની રક્ષા કરવા ચાલી નીકળ્યો હતો અને આજે આર્મીમાં પોતાની સર્વિસ પૂર્ણ કરી પોતાના માદરે વતન ખતુંબા ગામમાં પરત ફરેલ ત્યારે ખતુંબા ગામના આબાલવૃદ્ધ ગ્રામજનો એ ફૌજી હરેશ પ્રાણજીવન ઠાકર નુ ઉમળકાભેર ધામધૂમથી સામૈયા રુપી સ્વાગત કર્યુ હતું. એ ફૌજી ખતુંબા ગામની સ્કુલમાં ભણ્યો છે.

# જૂનાગઢની મહિલા સાથે રૂા. ૯૪,૯૮૦ની ઓનલાઈન છેતરપીંડી અંગે ફરીયાદ

જૂનાગઢ તા. ૯

જૂનાગઢની એક મહિલાને ઘરે બેઠા નાણા કમાવવાની લાલચ આપી અજાણ્યા શખ્સો રૂા. ૯૪,૯૮૦ની ઓનલાઈન છેતરપીંડી કરી હોવાની ફરીયાદ થતા સાઈબર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.જૂનાગઢમાં ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહેતા અને સિલાઈ કામ અને સાડી ભરવાનું કામકાજ કરતા સન્નાબેન અજીતભાઈ સોલંકીને ઘરે બેઠા નોકરીની જરૂર હોવાથી તેમણે ૧૪ ઓગસ્ટના રોજ એક મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરતા સામેવાળી વ્યકિતએ હું ડાયમંડ પેન્સીલ કંપનીમાંથી મેનેજર રાકેશ બોલું છું અને તમારે ઘરે બેઠા પેન્સીલનું પેકીંગ કરી પૈસા કમાવા હોય તો સૌ પ્રથમ રૂા. ૨૦૦૦ એનઓસી રજીસ્ટ્રેશન ફી પેટે ઓનલાઈન ભરવા પડશે તેમ જણાવતા મહિલાએ બીજા દિવસે રૂા. ૧૯૮૦ ગુગલ પે કર્યુ હતું. આ પછી અજાણ્યા ઈસમે જુદા જુદા બહાને મહિલા પાસેથી રૂા. ૯૪,૯૮૦ ભરાવ્યા હતાં અને આ શખ્સે પોતાનું હિન્દુસ્તાન પેન્સીલ કંપનીનું આઈડી કાર્ડ મોકલ્યું હતું. જે બનાવટી હોવાની માહિતી મળતા મહિલાએ અજાણ્યા શખ્સ સામે રૂા. ૯૪,૯૮૦ની ઓનલાઈન નાણાકીય છેતરપીંડીની ફરીયાદ નોંધાવતાં જૂનાગઢ સાયબર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## દીપોત્સવી પર્વમાં ખંભાળિયામાં વીજ વિક્ષેપ ન સર્જાય તે માટે તંત્રને રજૂઆત



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

હિન્દુઓના પવિત્ર પર્વ દિવાળીના સપરમા દિવસોનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે ખંભાળિયા શહેરમાં આ દિવસો દરમ્યાન વીજ વિક્ષેપ ન સર્જાય તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી દ્વારા પી.જી.વી.સી.એલ. તંત્રને રજૂઆત કરવામાં આવી છે.

દિવાળીના દિવસોમાં આવતીકાલે ગુરુવારે અગિયારસથી આગામી રવિવાર તારીખ ૧૯ મી સુધીમાં નુતન, વર્ષ, ભાઈબીજ, લાભ પાંચમ તેમજ જલારામ જયંતિના પવિત્ર દિવસો આવતા હોય, શહેરમાં પીજીવીસીએલ તંત્ર વીજકાપ ન લાગે અને તમામ વિસ્તારોમાં વીજ પુરવઠો બરકરાર રહે તે માટે જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ વિજ અધિકારીઓને રજૂઆત કરી છે.

## જૂનાગઢમાં બે શખ્સોની ધમકીથી યુવાન બે દિવસથી ગુમ

**પત્નીની ફરીયાદ બાદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ**

જૂનાગઢ તા. ૯

બે શખ્સોની ધમકીના કારણે બીકથી જૂનાગઢનો યુવાન બે દિવસથી ગુમ થઈ જતાં પોલીસે તપાસ હાથ ધરી છે. જૂનાગઢ શહેરમાં પંચેશ્વર મેઘાણીનગરમાં રહેતા કારાભાઈ મોરી નામના યુવાનને મંગળવારની રાત્રે પંચેશ્વરના દેવાભાઈ લખમણભાઈ મોરી અને ભીખા ગોગનભાઈ મોરીએ અગાઉના મનદુઃખના કારણે ફોન કરી રામનિવાસ પાસે બોલાવીને બોલાચાલી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ પછી કારાભાઈને બીક લાગતા તેઓ કયાંક જતા રહયા હોવાની ફરીયાદ યુવાનના પત્ની લીલીબેને નોંધાવતા એ ડીવીઝન પોલીસ બંને શખ્સો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# ગીર સોમનાથ જીલ્લાના તાલાળા તાલુકાના સુરવા ગામની સહકારી મંડળીમાં કૌભાંડ આચરનારાની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૯

ગીર સોમનાથ જીલ્લાના તાલાલા તાલુકાના સુરવા ગામની સહકારી મંડળીમાં આશરે રૂા.૬ કરોડ જેવી માંતબર રકમનું કૌભાંડ આચરનાર મંડળીના મંત્રી, બેંક મેનેજરની જામીન અરજીઓ કોર્ટે ફગાવી દીધેલ છે.

આ કેસની વિગતો આપતા ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા જણાવેલ કે, તાલાલા તાલુકાના સુરવા ગામની સહકારી મંડળીમાં પ્રમુખ તથા મંત્રી એ સાથે મળી આર્થીક લાભ મેળવવા નાણાંકીય ગેરરીતી કરી પૂર્વયોજીત કરોડો રૂપીયાનું કૌભાંડ કરતા તાલાલા પોલીસે આઈપીસીની કલમ ૪૦૯, ૪૦૬, ૪૨૨, ૪૭૭ તથા સહકારી સોસાયટી અધિનીયમની કલમો હેઠળ ગુન્હો નોંધી કૌભાંડકારો મંડળીના મંત્રી (૧) પ્રફુલ દેવજીભાઈ અજુડીયા રહે.વાડલા તથા જીલ્લા સહકારી બેંકના મેનેજર (૨) મેરામણ અરસીભાઈ બામરોટીયાની ધરપકડ કરેલ હતી. આ કેસમાં બન્ને આરોપીઓએ વેરાવળ ડીસ્ટ્રીક કોર્ટમાં જામીન મેળવવા જુદી-જુદી અરજીઓ કરેલ જેમાં સરકાર પક્ષે આરોપી સામે ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે તેમજ આરોપી આ ગુન્હામાં પ્રત્યક્ષ સંડોવાયેલા છે. દીન પ્રતિદીન આર્થીક ગુન્હાઓ વધી રહેલ છે જેથી જો આવા ગુન્હાઓમાં પણ સરળતાથી જામીન આપવામાં આવે તો તેની માઠી અસર સમાજ તથા દેશ ઉપર થાય તેમ છે અને આર્થીક ગુન્હા આચરતા ઈસમોને ગુન્હા કરવાનો છુટો દોર મળી જાય તેમ છે તેથી જામીન મુકત ન કરી શકાય તેવો પ્રથમ દર્શનીય કેસ હોવાની જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ દલીલો કરેલ જેને માન્ય રાખી બીજા એડીશ્નલ સેશન્સ જજ કીર્તી જે. દરજીએ બન્ને આરોપીઓની રેગ્યુલર જામીન અરજી ફગાવી દેતો હુકમ કરેલ હોવાનું જણાવેલ છે.

## ધનતેરસના શુભ મુર્હુતો


વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ ૧૨-૧૩, તા.૧૦-૧૧-૨૦૨૩, શુક્રવાર, ધનતેરસ, ધન ત્રયોદશી, શ્રિ ધન્વંતરી ત્રયોદશી, યમદીપ દાન, ધનપૂજા, શ્રી લક્ષ્મીપૂજાના શુભ મુર્હુતો સવારે ૭:૦૨ થી ૮:૩૨ ચલ, સવારે ૮ થી ૯:૪૫ વૃશ્ચિક સ્થિર લગ્ન, સવારે ૮:૩૨ થી ૧૧:૩૨ લાભ, અમૃત, બપોરે ૧૨:૩૯ થી ૧:૧૫ વિજય મુદ્રન(અભીજીત નક્ષત્ર), બપોરે ૧:૦૨ થી ૨:૩૨ શુભ, બપોરે ૧:૪૫ થી ૩:૩૧ કુંભ સ્થિર લગ્ન, સાંજે ૪:૧૧ થી ૬:૦૮ ચલ, સાંજે ૫:૧૫ થી ૬:૧૫ ગોધુલિક(ગોરજ) મુર્હુત, સાંજે ૬:૩૫ થી ૮:૩૫ વૃષભ સ્થિર લગ્ન, રાત્રે ૯:૦૮ થી ૧૦:૩૭ લાભ, રાત્રે ૧૧:૦૮ થી ૨:૦૮ શુભ, અમૃત, ચલ.

- દેવેન કનકચંદ્ર વ્યાસ, અંજાર(કચ્છ)

# છત્તીસગઢની ચૂંટણી પહેલાં ‘‘મહાદેવ બેટિંગ એપ’’ કેસ રાજકીય વિવાદ બની ગયો છે

હૈદરાબાદ, તા.૯

મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજીની એપ કેસ ફરી ચર્ચામાં આવ્યો છે અને આ મુદ્દે ભાજપે છત્તીસગઢમાં કોંગ્રેસ પર હુમલો કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, છત્તીસગઢના મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલને મહાદેવ સટ્ટાબાજીની એપના પ્રમોટરોએ રૂા.૫૦૮ કરોડ ચૂકવ્યા હતા. કોંગ્રેસ આને વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્ય સરકારને કલંકિત કરવાનું ષડયંત્ર ગણાવે છે. શુક્રવારે મોડી રાત્રે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કહ્યું કે, મહાદેવ સટ્ટાબાજીની એપ કૌભાંડમાં શંકાસ્પદ વ્યક્તિના ઈમેલ સ્ટેટમેન્ટમાં ખુલાસો થયો છે કે ઓપરેશનના પ્રમોટર્સે બઘેલને રૂા.૫૦૮ કરોડની લાંચ આપી હતી. આ પછી વિવાદ ફાટી નીકળ્યો હતો. હૈદરાબાદ સ્થિત સોફ્ટવેર ડેવલપર્સ દ્વારા વિકસિત મહાદેવ એપ દુબઈ સ્થિત સૌરભ ચંદ્રાકર દ્વારા ચલાવવામાં આવી હતી. તે જ્યુસ વેચતો હતો. તેના સાથી રવિ ઉપ્પલ મુખ્ય શંકાસ્પદ ઓનલાઈન સટ્ટાબાજીનું પ્લેટફોર્મ ચલાવતો હતો જેણે પોકર, પત્તાની રમતો, બેડમિન્ટન, ટેનિસ, ફૂટબોલ અને ક્રિકેટ જેવી વિવિધ રમતો ઉપર ગેરકાયદેસર જુગાર શરૂ કર્યો હતો. મોદીએ કહ્યું કે, મીડિયામાં અહેવાલો છે કે, પૈસા મુખ્ય પ્રધાનને આપવામાં આવ્યા છે. કોંગ્રેસ સરકાર અને મુખ્યમંત્રીએ છત્તીસગઢના લોકોને જણાવવું જોઈએ કે, દુબઈમાં બેઠેલા આ કૌભાંડના આરોપીઓ સાથે તેમની શું કડી છે. આ કેસ યુએઈના રાસ અલ-ખૈમાહમાં ફેબ્રુઆરીમાં ચંદ્રાકરના ભવ્ય લગ્ન દરમ્યાન સામે આવ્યો હતો, જ્યાં તેણે ૨૦૦ કરોડથી વધુનો ખર્ચ કર્યો હતો. ત્યારથી EDએ આ લગ્નમાં પરફોર્મ કરનારા અભિનેતાઓ અને ગાયકો સહિત અંદાજે ૧૬ સેલિબ્રિટીઓને સમન્સ પાઠવ્યા છે, તેમને શંકા છે કે, તેમને હવાલા ચેનલો દ્વારા ચૂકવણી કરવામાં આવી હતી. મહાદેવ ગેરકાયદે સટ્ટાબાજીની એપ અને તેના વિવાદાસ્પદ પ્રમોટર્સ સાથેના કથિત જોડાણ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આ અઠવાડિયે એ-લિસ્ટ બોલિવૂડ સેલિબ્રિટીઓને સમન્સ મોકલવામાં આવ્યા હતા. રણબીર કપૂર, શ્રદ્ધા કપૂર, કપિલ શર્મા, રાહત ફતેહ અલી ખાન અને હુમા કુરેશી સહિતની હસ્તીઓની આ એપને પ્રમોટ કરવાના આરોપમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. EDની તપાસમાં આરોપ છે કે UAEમાં મુખ્યમથક ધરાવતી મહાદેવ ઓનલાઈન બુક એપ ગેરકાયદે સટ્ટાબાજી, ચૂંટણીના પરિણામોથી લઈને કાર્ડ ગેમ્સ અને ક્રિકેટ મેચો સુધીની પ્રવૃત્તિઓ માટે પ્લેટફોર્મ તરીકે કામ કરતી હતી. ED મુજબ, નાણાં આ એપના માલિકોથી છત્તીસગઢમાં હવાલા ઓપરેટરો સુધી ગયા હતા. જેમાં રાજ્યના પ્રભાવશાળી અમલદારો અને રાજકારણીઓ છે. એજન્સીએ તેની તપાસ બે મુખ્ય વ્યક્તિઓ પર કેન્દ્રિત કરી છે: સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ, આ બંને ભિલાઈના રહેવાસી અને દુબઈમાં રહેતા હોવાનું માનવામાં આવે છે. મહાદેવ એપની શરૂઆત ૨૦૧૭ની




આસપાસ થઈ છે, જ્યારે ઉપ્પલ અને ચંદ્રાકર એક પાન સ્ટોલ ઉપર મળ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં, છત્તીસગઢ પોલીસે બંને માટે લુકઆઉટ નોટિસ જારી કરી હતી, જ્યારે ED તેમની સામે રેડ-કોર્નર નોટિસ જારી કરી હતી. આ સટ્ટાબાજીની એપ ઉપર એજન્સીની કાર્યવાહી ૨૦૧૮ની આસપાસ શરૂ થઈ હતી. આ વર્ષે ઓગસ્ટમાં રાયપુરમાંથી ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. ચંદ્રાકર, અગાઉ ભિલાઈના કપડાની દુકાનમાં સેલ્સમેન તરીકે માસિક રૂા.૧૦,૦૦૦ કમાતો હતો, તેણે પાછળથી નેહરૂ નગરમાં ‘જ્યૂસ ફેક્ટરી’ સ્થાપી હતી. ઉપ્પલનું ક્રિકેટ બુકીઓનું નેટવર્ક મધ્ય પ્રદેશના કટનીથી લઈને છત્તીસગઢના બિલાસપુર, રાયપુર, ભાટાપારા અને ધમતરી સુધીના રાજ્યોમાં વિસ્તરેલું છે. ૨૦૧૭માં, બંનેએ ઓનલાઈન એપનું કામ શરૂ કર્યું. શરૂઆતમાં, તેઓએ તેમના પ્લેટફોર્મની સ્થાપના માટે સોફ્ટવેર એન્જિનિયરોની ભરતી કરતા પહેલા હૈદરાબાદ સ્થિત એપના નિર્માતાઓ પાસેથી માર્ગદર્શન માંગ્યું હતું. COVID19 રોગચાળા પહેલા, ચંદ્રાકર અને ઉપ્પલે દુબઈમાં તેમની કામગીરી શરૂ કરી દીધી હતી. રાજનું કથિત કાર્ય છત્તીસગઢના યુવાનોની ભરતી કરવાનું હતું અને તેમને દુબઈ લઈ જવાનું હતું, જ્યાં તેઓ ઓપરેટરોને ગ્રાહક લોગિન આઈડી વેચતા હતા. નફામાં સિંહનો હિસ્સો એપ માલિકોને ગયો હતો, ત્યારે રાજ જેવી વ્યક્તિઓને લગભગ ૨૦ ટકા હિસ્સો મળ્યો હતો. ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઝારખંડના યુવાનોને તાલીમ માટે દુબઈ મોકલવામાં આવ્યા હતા.

### રાજ્યના બિલ્ડરો-ડેવલપર્સ માટે સરકારની રાહત !

## દંડનીય કાર્યવાહી કર્યા વિના માત્ર પ્રોસેસિંગ ફી ભરી પ્રોજેક્ટના ત્રિમાસિક-અંતિમ અહેવાલ ભરી શકાશે

ગાંધીનગર, તા.૯

રાજ્યના રિયલ-એસ્ટેટ એટલે કે બાંધકામ વગેરે ક્ષેત્રના બિલ્ડરો-ડેવલપરો માટે રાહતરૂપ નિર્ણય લેવાયો છે. આ ક્ષેત્રની કામગીરી માટે કાર્યરત ઓથોરિટી રેરા દ્વારા સપ્ટેમ્બરમાં અમલમાં મૂકાયેલ સ્કીમ અંતર્ગત રાજ્યના ૬૨૫ જેટલા પ્રોજેક્ટને લાભ મળી શકશે. એટલે કે, આ સ્કીમ અંતર્ગત દંડનીય કાર્યવાહી કર્યા સિવાય પ્રમોટર-ડેવલપર માત્ર પ્રોસેસિંગ ફી ભરીને પ્રોજેક્ટના અહેવાલ વેબ પોર્ટલ ઉપર ભરી શકશે. ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીના સચિવની યાદીમાં જણાવ્યા અનુસાર, રેરા એક્ટ૨૦૧૬ની કલમ-૩૪ હેઠળ મળતી સત્તાથી ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા તા. ૨૩/ ૧૦/૨૦૨૩ના રોજ હુકમ નંબર ૮૨થી ‘વોલ્યુન્ટરી કોમ્પ્લાયન્સ સ્કીમ-૨૦૨૩’ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત દંડનીય કાર્યવાહી કર્યા સિવાય નિયત પ્રોસેસિંગ ફી ભરપાઈ કર્યેથી જે તે પ્રમોટર પોતાના પ્રોજેક્ટના ત્રિમાસિક અથવા અંતિમ અહેવાલ રેરાના વેબ પોર્ટલ ઉપર ભરી શકશે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ નવી યોજનાના અમલથી હવે પ્રમોટરને સુઓમોટો કેસની કાર્યવાહી અને તે અન્વયે થનાર પેનલ્ટીમાંથી મુક્તિ મળે છે, તેમજ સામાન્ય નાગરિકોને જે તે પ્રોજેક્ટની વિગતો રેરાના પોર્ટલ ઉપરથી ઉપલબ્ધ થઈ શકે છે. આ યોજના અંતર્ગત અંદાજે ૬૨૫ જેટલા પ્રોજેક્ટને લાભ મળવા પાત્ર થશે. આ સ્કીમની વિગતવાર માહિતી રેરાની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવી છે. વધુમાં આ યોજનાનો લાભ લેવા માંગતા લાભાર્થીઓએ તે સંબંધે કોઈ સ્પષ્ટતા કે માર્ગદર્શનની જરૂરિયાત જણાય તો રેરા કચેરીનો સંપર્ક સાધી માર્ગદર્શન મેળવી શકાશે, તેમ યાદીમાં જણાવાયુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રેરા એક્ટ૨૦૧૬ની કલમ-૪ તથા કલમ-૧૧ તેમજ ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ના રૂલ-૧૦ની જોગવાઈઓ અનુસાર દરેક પ્રમોટર કે ડેવલોપરે જે તે પ્રોજેક્ટના ત્રિમાસિક અથવા અંતિમ અહેવાલ ‘‘ગુજરેરા પોર્ટલ’’ ઉપર નિયત કરવામાં આવેલી સમય મર્યાદામાં ફાઈલ કરવા જરૂરી છે. આવું નહીં કરવાથી જે તે પ્રમોટર કે ડેવલોપર રેરા એક્ટ-૨૦૧૬ની કલમ-૬૦, ૬૧ અને ૬૩ની જોગવાઈઓ અનુસાર દંડનીય કાર્યવાહીને પાત્ર બનશે.

## જયશંકરે ઈરાની વિદેશમંત્રી સાથે પશ્ચિમ એશિયામાં ગંભીર પરિસ્થિતિ અંગે ચર્ચા કરી

નવી દિલ્હી, તા.૯

વિદેશ મંત્રી એસ જયશંકરે રવિવારે તેમના ઈરાનના સમકક્ષ હોસેન અમીરઅબ્દોલ્લાહિયન સાથેની વાતચીત દરમ્યાન પશ્ચિમ એશિયામાં ગંભીર પરિસ્થિતિ ઉપર ચર્ચા કરી. ઈરાનના વિદેશ મંત્રી હોસેન અમીરઅબ્દોલ્લાહિયન સાથે વાત કરી. પશ્ચિમ એશિયાની ગંભીર સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય સમુદાયની ચિંતાઓ અંગે ચર્ચા કરી. વૃદ્ધિ અટકાવવા અને માનવતાવાદી સહાય પૂરી પાડવાનું મહત્વ સમજાવ્યું. સંપર્કમાં રહેવા માટે સંમત થયા જયશંકરે X ઉપર પોસ્ટ કર્યું. ઈઝરાયેલે આરોપ લગાવ્યો છે કે ઈરાન હમાસને ટેકો આપે છે, જેણે ઓક્ટોબર ૭ના રોજ ઈઝરાયેલ ઉપર હુમલો કર્યો હતો તેમ છતાં તેહરાન વિકાસથી પોતાને દૂર રાખ્યું છે. ઈઝરાયેલ ઉપર હમાસના હુમલા બાદથી ગાઝા પટ્ટી ઉપર બોમ્બ હુમલાઓ દ્વારા વારંવાર હુમલો કરવામાં આવ્યા જેમાં હજારો નાગરિકોના મોત થયા છે.

## બનાવટીની ભરમાર : નકલી અધિકારીઓ, નકલી કચેરી, નકલી ખાદ્ય સામગ્રી બાદ હવે ગાંધીનગરમાંથી FCIનો નકલી ડાયરેક્ટર ઝડપાયો

અમદાવાદ તા.૯

સુરતમાંથી નકલી આઈપીએસ અધિકારી ઓફિસર ઝડપાયા બાદ હવે ગાંધીનગરમાંથી ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનો નકલી ડાયરેક્ટર ઝડપાયો છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન તરીકે વિઝિટિંગ કાર્ડ છપાવીને સરકારી કચેરીઓમાં ફરતા ઠગને ગાંધીનગર પોલીસે ઝડપી લીધો છે. હાલ તેની સામે ગુનો દાખલ કરીને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઠગ અધિકારી પોલીસ ભવનમાં આમંત્રણ આપવા પહોંચતા ઝડપાયો હતો.

સુરતથી નકલી આઈપીએસ ઓફિસર ઝડપાયા બાદ હવે ગાંધીનગરમાંથી એફસીઆઈનો નકલીડાયરેક્ટર ઝડપાયો છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન તરીકે વિઝિટિંગ કાર્ડ છપાવીને સરકારી કચેરીઓમાં ફરતા ઠગને ગાંધીનગર પોલીસે ઝડપી લીધો છે. હાલ તેની સામે ગુનો દાખલ કરીને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. મળતી માહિતી અનુસાર, ગત ૧૪ ઓક્ટોબરના રોજ ગાંધીનગર પોલીસ ભવન ખાતે જમાદાર પુણ્યદેવ રાય નામનાશખ્સે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેનનું કાર્ડ બતાવીને પ્રવેશ મેળવ્યો હતો. જે બાદ તેણે પોતાના વિઝિટિંગ કાર્ડ મોકલીને ગાંધીધામ ખાતે નવરાત્રી મહોત્સવના કાર્યક્રમમાં આવવા માટે આઈપીએસ અધિકારીઓને આમંત્રણ આપ્યું હતું. આ દરમ્યાન તેના ઉપર કેટલાક અધિકારીઓને શંકા ગઈ હતી. જેથી તેઓએ સેક્ટર ૨૧ પોલીસને જાણ કરી હતી. જે બાદ આ અંગે પીઆઈ રાકેશ ડામોરે જમાદાર પુણ્યદેવ રાયને પૂછપરછ માટે બોલાવ્યો હતો, જે બાદ તેની કડક પૂછપરછ કરવામાં આવતા તે મૂળ બિહાર અને હાલ કચ્છના આદ્દુપુર ખાતે રહેતો હોવાનું સામે આવ્યું હતું. સાથે જ તેણે પોલીસનપોતે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનો સેક્રેટરી ન હોવાનું અને પોતે લેબર કોન્ટ્રાક્ટનું કામ કરતો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ દ્વારા હાલ તેની સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી લેવામાં આવી છે. તેણે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી તરીકેની ઓળખ આપી કોઈની સાથછેતરપિંડી આચરી છે કે નહીં તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે જ સુરતમાંથી નકલી આઈપીએસ અધિકારી ઝડપાયો હતો. ત્યારે ગુજરાતમાંથી ફરી એક વખત નકલી અધિકારીઓ તરીકેની ઓળખ આપી લોકો ઉપર રોફ જમાવતા કે, ઠગાઈ આચરતા અસામાજિક તત્વો સક્રિય થયા હોવાનું જણાય છે.

### દિલ્હી ગેસ ચેમ્બરમાં ફેરવાતા લોકોના આરોગ્યને ખતરો

## માત્ર સમિતિઓ બનાવવાથી પ્રદૂષણની સ્થિતિમાં સુધરો નહી આવે : સુપ્રીમ કોર્ટ

**સુપ્રીમમાં પ્રદૂષણના આકલન માટે એક સ્થાયી સમિતિ રચવાની માંગ કરતી અરજી ઉપર વિચાર કરવાનો ઈન્કાર**

નવી દિલ્હી, તા.૯

શિયાળો આવતા જ હંમેશની માફક દેશની રાજધાની દિલ્હી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગઈ છે જેને કારણે આરોગ્ય ઉપર મોટો ખતરો ઊભો થયો છે. લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. આ મામલો એટલો ગંભીર બન્યો છે કે, તે હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. તાજેતરમાં સુપ્રીમમાં પ્રદૂષણના આકલન માટે એક સ્થાયી સમિતિ રચવાની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. જો કે, કોર્ટે આ અરજી ઉપર વિચાર કરવા ના કહી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતા વાળી પીઠએ કહ્યું કે, આ સંપૂર્ણપણે નીતિગત મામલો છે. બેન્ચમાં જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ સામેલ હતા. તેમણે પૂછ્યું, ‘શું તમને લાગે છે કે, દેશભરના તમામ જિલ્લાઓમાં સમિતિઓ બનવામાં આવશે તો પ્રદૂષણ મુક્તિ મળશે ?’ આ પ્રકારની સમિતિઓની રચનાથી હાલની સ્થિતિ સુધારશે નહીં. સુપ્રીમ કોર્ટના પ્રશ્નનો બાદ અરજદારના વકીલે PIL પાછી ખેંચી લીધી હતી. સુપ્રીમ કોર્ટ અજય નારાયણરાવ ગજબહાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરી રહી હતી, જેમાં પ્રદૂષણનું મૂલ્યાંકન કરવા માટે જિલ્લા સ્તરે એક સ્થાયી નિષ્ણાત સમિતિની રચના કરવાના નિર્દેશોની માંગ કરવામાં આવી હતી.

## સંસદીય પેનલે હાલના ફોજદારી કાયદાઓને બદલવા માટેના બિલ ઉપરના અહેવાલોને વિપક્ષની અસહમતિ છતાં અપનાવ્યા

નવી દિલ્હી, તા.૯

ગૃહ બાબતોની સંસદીય સમિતિએ સોમવારે વર્તમાન ફોજદારી કાયદાઓને બદલવા માટેના બિલ ઉપરના ત્રણ અહેવાલો સ્વીકાર્યા હતા જેમાં કેટલાક વિપક્ષી સભ્યોએ અસંમતિ દર્શાવી હતી તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ગૃહ બાબતોની સંસદીય સમિતિ ભાજપના સભ્ય બ્રિજ લાલની અધ્યક્ષતામાં ૧૦ દિવસ પછી સોમવારે મળી હતી જેમાં સભ્યોએ ગયા મહિનાના અંતમાં પ્રસારિત થયેલા ડ્રાફ્ટ રિપોર્ટનો અભ્યાસ કરવા માટે વધારાનો સમય માંગ્યો હતો. સંસદીય સૂત્રોએ જણાવ્યું હતું કે, કેટલાક વિપક્ષી સભ્યોએ IPC, ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ અને ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ને ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સાથે અનુક્રમે સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમમાં બદલવા માટેના ત્રણ બિલો ઉપરના અહેવાલો ઉપર તેમની અસંમતિ નોંધો પહેલેથી જ રજૂ કરી દીધી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, કેટલાક વધુ વિપક્ષી સભ્યો આગામી બે દિવસમાં અસંમતિ નોંધો રજૂ કરે તેવી અપેક્ષા હતી. ૨૭ ઓક્ટોબરના રોજ ગૃહ ઉપરની સ્થાયી સમિતિ ત્રણ ડ્રાફ્ટ રિપોર્ટને અપનાવી શકી ન હતી કારણ કે, કેટલાક વિપક્ષી સભ્યોએ તેનો અભ્યાસ કરવા માટે વધુ સમય માંગ્યો હતો. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય બિલ ૨૦૨૩ને ૧૧ ઓગસ્ટના રોજ સંસદના નીચલા ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ બિલો અનુક્રમે ભારતીય દંડ સંહિતા (IPC) ૧૮૬૦, કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (CrPC), ૧૯૭૩ અને ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ને બદલવા માંગે છે. ૧૧ ઓગસ્ટે બિલ રજૂ કરતી વખતે ગૃહપ્રધાન અમિત શાહે દાવો કર્યો હતો કે, આ ત્રણ નવા કાયદાઓનો આત્મા નાગરિકોને બંધારણ દ્વારા આપવામાં આવેલા તમામ અધિકારોનું રક્ષણ કરવાનો છે. ભારતીય ન્યાય સંહિતા બિલ જે IPCનું સ્થાન લેશે તેમાં અગાઉના ૫૧૧ વિભાગોને બદલે ૩૫૬ વિભાગો હશે, મંત્રીએ જણાવ્યું હતું કે, ૧૭૫ કલમોમાં સુધારો કરવામાં આવ્યો છે, ૮ નવા વિભાગો ઉમેરવામાં આવ્યા છે અને ૨૨ કલમો રદ કરવામાં આવી છે. જે એવિડન્સ એક્ટનું સ્થાન લેશે, તેમાં અગાઉના ૧૬૭ને બદલે હવે ૧૭૦ કલમો હશે.

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ફોર્મ ભરવાની કામગીરી શરૂ

અમદાવાદ, તા.૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪માં લેવામાં આવનારી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટેની રજિસ્ટ્રેશનની કાર્યવાહીનો સોમવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. પરીક્ષા માટે વિદ્યાર્થીઓના ઓનલાઈન રજિસ્ટ્રેશન ૧૫ ડિસેમ્બર સુધી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. નિયમિત ઉપરાંત રિપીટર, પૃથ્થક ઉમેદવારોના પણ ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થઈ છે. પ્રાપ્ત માહિત અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪માં ધોરણ૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષાઓ લેવામાં આવનાર છે. પરીક્ષા માટે ધોરણ-૧૨ સાયન્સ અને ધોરણ-૧૦ના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવ્યા બાદ સોમવારથી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટેના પણ વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી તથા સંસ્કૃત મધ્યમા માર્ચ૨૦૨૪ની બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્ર રેગ્યુલર ફી સાથે ઓનલાઈન ભરવા માટેની કાર્યવાહી સોમવારથી શરૂ કરાઈ છે. વિદ્યાર્થીઓ ૧૫ ડિસેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની ફી રૂ. ૫૪૦ નક્કી કરવામાં આવી છે. જ્યારે નિયમિત રિપીટર વિદ્યાર્થીઓ માટે એક વિષયના રૂા.૧૫૫, બે વિષયના રૂા.૨૪૫, ત્રણ વિષયના રૂા.૩૧૫ અને ત્રણથી વધુ વિષય માટે રૂા.૫૪૦ ફી નક્કી કરાઈ છે. GSOSના નિયમિત વિદ્યાર્થીઓ માટેની ફી રૂા.૫૪૦ રાખવામાં આવી છે. જ્યારે GSOSના રિપીટર વિદ્યાર્થીઓ માટે એક વિષયની રૂા.૧૫૫, બે વિષય માટે રૂા.૨૪૫, ત્રણ વિષય માટે રૂા.૩૧૫ અને ત્રણ વિષયથી વધુ માટે રૂા.૫૪૦ ફી રખાઈ છે. જો કે, આ ફીમાંથી વિદ્યાર્થિનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને મુક્તિ અપાઈ છે.

# ‘‘એજન્સીઓ દ્વારા દેશ ચલાવી શકાય નહીં’’ સુપ્રીમ કોર્ટે પ્રેસની સ્વતંત્રતાને સમર્થન આપ્યું



નવી દિલ્હી તા.૯

સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે, મીડિયાકર્મીઓ પાસે સમાચાર એકત્ર કરવા માટે તેમના સ્ત્રોત છે અને કેન્દ્રએ કોઈપણ તપાસ માટે પત્રકારોના ડિજિટલ સાધનો જપ્ત કરવા માટે અલગ માર્ગદર્શિકા તૈયાર કરવી જોઈએ. જસ્ટિસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ સુધાંશુ ધુલિયાની બેન્ચ દ્વારા આ કડક ટિપ્પણી ફાઉન્ડેશન ફોર મીડિયા પ્રોફેશનલ્સની અરજી ઉપર સુનાવણી દરમ્યાન કરવામાં આવી હતી. જેમાં પત્રકારોના ઉપકરણોને જપ્ત કરી લેતી કાયદા અમલીકરણ એજન્સીઓ માટે વિગતવાર માર્ગદર્શિકા માંગવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે, આ એક ગંભીર બાબત છે. મીડિયા પ્રોફેશનલ્સ માટે વધુ સારી માર્ગદર્શિકા હોવી જોઈએ. મીડિયા પ્રોફેશનલ્સ પાસે તેમના પોતાના સ્ત્રોત છે. અમે ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે રાખ્યો છે અને તેમાં સંતુલન હોવું જોઈએ, કોર્ટ આ મામલે આગામી સુનાવણી ૬ ડિસેમ્બરે કરશે. કોર્ટે કેન્દ્રને આવી માર્ગદર્શિકા તૈયાર કરવા માટે સમય આપ્યો છે. જસ્ટિસ કૌલે કહ્યું કે, કેન્દ્રએ માર્ગદર્શિકા તૈયાર કરવી જોઈએ. મને લાગે છે કે, તમારે તે કરવું જોઈએ. એજન્સીઓ દ્વારા રાજ્ય ચલાવી ન શકાય. કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ જણાવ્યું હતું કે, કોર્ટ સમક્ષનો મામલો જટિલ કાનૂની મુદ્દાઓ સાથે સંબંધિત છે. મીડિયા પાસે અધિકારો છે, પરંતુ તે કાયદાથી ઉપર નથી. અરજદારના વકીલે કહ્યું કે, આ મામલો રાજ્યની સત્તા વિરૂદ્ધ ગોપનીયતા વિશે છે. આજકાલ તેઓને પાસવર્ડ અથવા બાયોમેટ્રિક્સ શેર કરવાની ફરજ પાડે છે. વ્યક્તિગત ડેટા, નાણાકીય ડેટા તમામ ડિજિટલ ફૂટપ્રિન્ટ તે ઉપકરણ ઉપર છે. તેના સંદર્ભમાં કોઈ માર્ગદર્શિકા નથી. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્રએ વિશ્લેષણ કરવું જોઈએ કે, આ કેસમાં કયા પ્રકારની માર્ગદર્શિકાની જરૂર છે. અમે ઈચ્છીએ છીએ કે, ASG આ વિશે કામ કરે અને આ મુદ્દા ઉપર વિચાર કરે. ૧૬ જેટલી પ્રેસ સ્વતંત્રતા સંસ્થાઓએ ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડને પત્ર લખીને મીડિયા સામે તપાસ એજન્સીઓના કથિત ‘‘દમનકારી’’ ઉપયોગને સમાપ્ત કરવા માટે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની માંગ કરી હતી. તેઓએ પોલીસ દ્વારા પત્રકારોના ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવા અંગેની માર્ગદર્શિકા માંગી હતી. દિલ્હી પોલીસે ન્યૂઝ પોર્ટલ ‘ન્યૂઝક્લિક’ સાથે સંકળાયેલા પત્રકારો, સંપાદકો અને લેખકોના ઘરો ઉપર દરોડા પાડ્યા બાદ આ વાત સામે આવી છે. ન્યૂઝક્લિકના સ્થાપક પ્રબીર પુરકાયસ્થ અને તેના માનવ સંસાધન વડા અમિત ચક્રવર્તીની આતંકવાદ વિરોધી કાયદા UAPA હેઠળ ધરપકડ કરવામાં આવી છે.એવો આરોપ છે કે, આ વેબ પોર્ટલને ચીન તરફી પ્રચાર કરવા માટે પૈસા મળ્યા હતા. ન્યૂઝ ક્લિક અને તેના યોગદાનકર્તાઓ સાથે જોડાયેલ જગ્યાઓ ઉપરના દરોડા પછી, પ્રેસ સ્વતંત્રતા સંસ્થાઓએ કહ્યું હતું કે, ડેટા અખંડિતતાની ખાતરી કર્યા વિના ફોન અને કમ્પ્યુટર્સ જપ્ત કરવામાં આવ્યા હતા.

### જૂનાગઢની એડીશ્નલ સેશન્સ કોર્ટે

# મજેવડી દરવાજા પાસે પોલીસ ઉપર થયેલા હુમલાના કેસમાં ત્રણ આરોપીઓને જામીન પર મુકત કર્યા

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરમાં મજેવડી દરવાજા નજીક આવેલ ગેબનશાહ પીરની દરગાહ ઉપર મહાનગરપાલિકા દ્વારા નોટીસ ચોટાડવા સમયે થયેલ વિવાદમાં ટોળા દ્વારા પોલીસ ઉપર હુમલો કરવાના કેસમાં ત્રણ આરોપીઓને જૂનાગઢની સેશન્સ કોર્ટે જામીન ઉપર મુકત કરવા હુકમ કરેલ છે.

આ કેસની વિગત એવી છે કે, જૂનાગઢમાં મજેવડી દરવાજા વિસ્તારમાં આવેલ ગેબનશાહ પીર ખીજનીશાહ પીરની દરગાહ ખાતે જૂનાગઢ મનપા દ્વારા ગેરકાયદેસર બાંધકામ તોડવા માટે તા.૧૬-૬-૨૩ના રોજ સાંજે નોટીસ ચોડવામાં આવતા ત્યાં લોકોના ટોળા એકઠા થઈ જતાં આ બાબતે વિવાદ થતા બનાવ સ્થળે પોલીસ પહોંચતા પોલીસ ઉપર હુમલાનો બનાવ બનેલ હતો. આ બનાવમાં ૫૦૦ જેટલા ટોળા સામે પોલીસે ખુન અને રાયોટીંગની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધેલ હતો. આ બનાવની તપાસ પુર્ણ થતા નામદાર કોર્ટમાં તપાસ કરનાર પોલીસ અધિકારી દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ ગુન્હાનાં કામે જેલમાં રહેલા આરોપી (૧) જીલાની ઉર્ફે મજીદ ઈસ્માઈલ શેખ, (૨) અરફાન આસીફ બેલીમ તથા (૩) મુસ્તાક બસીરભાઈ ઠેબાએ જૂનાગઢની સેશન્સ કોર્ટમાં પ્રથમ વખત પોતાને જામની ઉપર મુકત થવા માટે રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ હતી. આ અરજીની તાજેતરમાં સુનાવણી હાથ ધરાતા નામદાર કોર્ટે ફરીયાદી તરફે સરકારી વકીલ તથા આરોપીઓના વકીલની દલીલો સાંભળેલ હતી. આરોપીઓના એડવોકેટ તરફથી એવી રજુઆત કરવામાં આવેલ હતી કે આ બનાવમાં આરોપીઓએ કોઈ સક્રિય ભાગ ભજવેલ નથી, કે કોઈને ઈજા કરેલ નથી, કોઈ હથીયાર ધારણ કરેલ નથી કોઈ પુર્વ કાવતરાનો ભાગ બનેલ નથી વગેરે દલીલો સાથે ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાઓ રજુ કરવામાં આવતા નામદાર કોર્ટે રેકર્ડ પરના પુરાવાઓ તથા બંને પક્ષકારોની રજુઆતનું મૂલ્યાંકન કરી આરોપીના એડવોકેટ અસફાક આઈ. ઠેબા તથા અમાન એસ. શેખની દલીલો ગ્રાહય રાખી નામદાર પાંચમાં એડીશ્નલ સેશન્સ જજ શ્રી આર.ડી. પાંડેએ ઉપરોકત ત્રણેય આરોપીઓને જામીન ઉપર મુકત કરવા હુકમ કરેલ છે.

# ગીર સોમનાથ, પોરબંદર તથા અન્ય જીલ્લાના ૮૦ માછીમારો પાકિસ્તાનની જેલમાંથી મુકત થશે

## માછીમારોને લેવા તા.૧૦ મી નવેમ્બરે ફિશરીઝ અધિકારીઓની ટીમ વાઘા બોર્ડર જવા રવાના થશે

વેરાવળ તા. ૯

ભારતીય દરિયાઈ સીમામાં અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદે પાકિસ્તાન મરીન પોલીસે જુદા જુદા સમયે પકડેલા ૮૦ જેટલા ભારતીય માછીમારો દિવાળીના દિવસોમાં ઘરઆંગણે પહોંચશે. તા.૧૦ નવેમ્બરે વાઘા સરહદે આ માછીમારોને ભારતીય ફિશરીઝના અધિકારીઓને રેકર્ડ-વેરીફીકેશન કરી માછીમારોને સોંપવામાં આવશે. મુકત થઈ રહેલા માછીમારોમાં ગુજરાતના ૭૭ અને દીવના ૩ છે. કુલ ૧૩ બોટના આ માછીમારો છે જે બોટો તા.૧૫-૯-૨૦, ૫-૧૧-૨૦, ૧૧-૧૧-૨૦ અને ૨૭-૧૧-૨૦ આમ જુદા જુદા દિવસે પકડવામાં આવી હતી.

મુકત થનાર માછીમારોની વિગત જોઈએ તો ઉનાના-૪૫ ગીરગઢડા-૫, તાલાળા-૫, કોડીનાર-૪, દ્વારકા-૧૫, જામનગર-૧, દિવ-૩ અને અમરેલીના-૨ નો સમાવેશ થાય છે. આ માછીમારોને વાઘા સરહદેથી વેરાવળ સુધી લઈ આવવા માટે ફિશરીઝના અધિકારીઓમાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક જે.એલ. ગોહેલ-ઉકાઈ લીડર, પી.જે. મહિડા- પોરબંદર, કે.ડી. દવે- વડોદરા, ડી.એચ. દવે- રાજપીપળા, એ.એ.મકરાણી- જાફરાબાદનો સમાવેશ કરવામાં આવેલ છે. આમ ઘણા સમય પછી પાકિસ્તાનની જેલમાંથી ૮૦ માછીમારોને મુકત કરવામાં આવી રહયા છે ત્યારે માછીમાર પરિવારો ખુશીની દિવાળી ઉજવશે.

# છત્તીસગઢની આગામી ચુંટણી કાર્યમાં જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા પ્રભારી પદે

જૂનાગઢ તા. ૯



જૂનાગઢના કર્મનિષ્ઠ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા હાલ છત્તીસગઢની આગામી ચુંટણી માટે પ્રભારી તરીકે નિયુકત થયેલા છે અને તેઓ ઉમદા સેવા આપી રહયા છે. સૌરાષ્ટ્ર ભૂમિ સાથેની વાતચીતમાં ધારાસભ્ય સંજય કોરડીયાએ જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં પધારે અને તેઓશ્રીનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ તે ઘડી આપણા ઘરના મોભીનું સ્વાગત કરતા હોય તેવી લાગે છે પરંતુ અહીંયાની સ્થિતિ અલગ છે. છત્તીસગઢના વિસ્તારમાં ચુંટણી માટેનું પ્રભારી પદની મહત્વપુર્ણ ફરજ મને સોંપવામાં આવી છે. અને ગુજરાતથી ખુબજ દુરના પ્રદેશમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આવકારવાનો લ્હાવો અને તેમને સત્કારવાનો પ્રસંગ એ મારા જીવનની ખાસ ક્ષણ હોવાનું તેઓએ જણાવ્યું હતું.

# કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩ અન્વયે જાગૃતિ સેમિનાર યોજાયો

## તાલીમાર્થી મુખ્ય સેવિકા બહેનોને જૂનાગઢના શશીકુંજ ખાતે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું



જૂનાગઢ, તા.૯

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ "શશીકુંજ" જૂનાગઢ ખાતે સંસ્થાના નિયામક વ નિવાસી અધિક કલેકટરશ્રીના પી.જી.પટેલના અધ્યક્ષ સ્થાને તાલીમાર્થી મુખ્ય સેવિકા બહેનો માટે "કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩" અન્વયે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મહિલાઓને જાતિગત સમાનતા, સાયબર કાઈમ, જાતિય સતામણી, ઘરેલુ હિંસા વગેરે અંગે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી બી.ડી.ભાડ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. એન.આર.વેકરીયા માસ્ટર ઓફ લો કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ પ્રોફેસર ડૉ.નિરંજનાબેન મહેતાએ મહિલાઓના બંધારણીય અધિકારો, ઘરેલુ હિંસા, જાતિય સતામણી વગેરે વિશે માહિતગાર કર્યા હતા. જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો.ચંદ્રેશ ભાંભી દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમની દ્રષ્ટાંત સહ વિગતે સમજ આપવામાં આવી હતી તથા કાયદાની વિવિધ જોગવાઈઓ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ચાલતી વિવિધ યોજનાઓ જેવીકે સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી યોજના, સાયબર કાઈમનાં વિવિધ પ્રકારો, સોશિયલ મિડિયા દ્વારા કરવામાં આવતા અને ડિજિટલ ટેકનોલોજી દ્વારા આચરવામાં આવતા ગુનાઓ અને તેનાથી બચવાના ઉપાયો અંગે જુદા જુદા ઉદાહરણો આપી મહિલાઓ ને સલામતી માટે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.


નિયામક અને નિવાસી અધિક કલેકટરશ્રી પી.જી.પટેલ દ્વારા કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.


કાર્યક્રમના અંતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ બાબતે તૈયાર કરવામાં આવેલ "પ્રતિકાર" શોર્ટ ફિલ્મ બતાવમાં આવી હતી. આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી એમ.જી. વારસુર તેમજ જિલ્લા મહિલાઓ અને બાળ અધિકારી કચેરીના ફિલ્ડ ઓફિસરશ્રી પી.કે.પાઘડાર અને ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના કાર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગરવા ગિરનારને કાયમી સ્વચ્છ રાખવાની નેમ

# અંબાજીથી દત્તાત્રેય સુધી ૬૦૦ પગથિયા દીઠ એક સફાઈ કામદાર, ૩૬૦૦ પગથિયા માટે ૬ સફાઈકર્મી અને એક સુપરવાઈઝર

## અંબાજીથી દત્તાત્રેય સુધીના વિસ્તારમાં આઠેક દિવસ પૂર્વે સફાઈ કામગીરીનો પ્રારંભ





જૂનાગઢ, તા.૯

ગરવા ગિરનારને કાયમી સ્વચ્છ રાખવાની તંત્રની નેમ છે આ માટે પ્રથમ તબક્કામાં અંબાજીથી દત્તાત્રેય સુધીના ૩૬૦૦ પગથિયા માટે ૬ સફાઈ કર્મી એટલે કે ૬૦૦ પગથિયામાટે એક સફાઈ કામદારને જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત સફાઈની નિયમિત દેખરેખ માટે એક સુપરવાઈઝર પણ રહેશે.

અંબાજીથી દત્તાત્રેય સુધીના વિસ્તારમાં આઠેક દિવસ પૂર્વે સફાઈ કામગીરીનું પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આમઆ સ્થળોએ કાયમી સફાઈ જળવાઈ રહે તે માટે એક ખાનગી એજન્સીની ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નિમણૂક કરવામાં આવી છે. આ ખાનગી એજન્સીને વાર્ષિક ધોરણે સફાઈની કામગીરી સોંપવામાં આવી છે.

ગ્રીન ગ્લોબ સોલ્યુશન્સને ગિરનાર પર્વતની પહાડી વિસ્તારની સફાઈ માટે બે વર્ષ માટે ક્વાર્ટરલી બેઝીસ અને ફર્સ્ટ ટાઈમ ડીપ ક્લિનિંગ માટે પણ નિમણૂક કરવામાં આવી છે.

આ સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગિરનારની યાત્રા આવતા શ્રદ્ધાળુ-પ્રવાસીઓને આ તીર્થક્ષેત્રમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્લાસ્ટિક સહિત અન્ય કોઈ પણ કચરો અને ગંદકી ન ફેલાય તે માટે તકેદારી લેવા માટે અપીલ કરવામાં આવી છે.

કલેકટર અનિલકુમાર રાણાવસિયાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વન વિભાગ અને પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલાના સંકલન અને દેખરેખ હેઠળ એજન્સી દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. સમગ્ર જિલ્લામાં પણ સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ પ્રવાસનધાર્મિક સહિતના જાહેર સ્થળોએ ઝુંબેશ સ્વરૂપે સફાઈ કરવામાં આવી રહી છે.

# ગિરનાર લીલી પરિક્રમાના રૂટ ઉપર છકડો રીક્ષાના અવર-જવર પર પ્રતિબંધ

## જંગલ વિસ્તાર અતિશય ઢોળાવ વાળો હોવાથી લોકોની સલામતીને ધ્યાને રાખી લેવાયો નિર્ણય

જૂનાગઢ, તા.૯

ગરવા ગિરનારની પરિક્રમા તા.૨૩-૧૧-૨૦૨૩ થી તા.૨૭-૧૧-૨૦૨૩ દરમિયાન યોજવાની છે, પરિક્રમા દરમિયાન ઘણાં વાહનો માલ સામાન લઈને આવતા હોય છે, આ વાહનોમાં છકડો રીક્ષા પણ માલ સમાન લઈને આવે છે. પરંતુ છકડો રિક્ષામાંથી ખૂબ જ પ્રમાણમાં ધુમાડો નીકળવાને કારણે તથા ધૂળની ડમરીઓ ઉડવાને કારણે પ્રદૂષણમાં ખૂબ જ વધારો થાય છે. જેના કારણે વન્ય પ્રાણીઓ યાત્રાળુ તથા પર્યાવરણને પણ નુકસાન થાય છે. તેમજ જંગલ વિસ્તાર અતિશય ઢોળાવ વાળો હોવાથી લોકોની સલામતીને તેને લઈ પરિક્રમા દરમિયાન રૂટ પર છકડા રીક્ષાની અવર-જવર ઉપર સંપૂર્ણ રીતે પ્રતિબંધ મૂકવામાં આવે છે. જેની સંબંધીતો અને જાહેર જનતાએ નોંધ લેવા માટે જૂનાગઢ વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રીની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લામાં દિવાળીના તહેવારને લઈને ૮ થી ૧૦ વાગ્યા સિવાયના સમયમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

જૂનાગઢ, તા.૯

દિવાળીના તહેવાર દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડા/દારૂખાનાથી આગ લાગવાના તેમજ રાહદારીઓને દાઝવાના કે અકસ્માતો થવાનો પુરો સંભવ હોય, જેથી જાહેર જનતાની સુલેહ શાંતિ અને સલામતી જોખમાય નહીં તે માટે આગામી દિવાળીના તહેવાર દરમિયાન જૂનાગઢ જિલ્લામાં જાહેર રસ્તાઓ ઉપર તથા આનંદ પ્રમોદના સ્થળો તેમજ ગલીઓમાં, મકાનોમાં તેમજ ટ્રાફિકની અવર-જવર વાળા જાહેર માર્ગો ઉપર કે મેઈન ચોકમાં તથા ઈલેક્ટ્રીકના સબ સ્ટેશન થાંભલાની નજીક આવતા ૫૦ ચોરસ ફુટની અંદર ફટાકડા/દારૂગોળો ફોડવાનો કે આતશબાજીના કારણે આગ લાગવાના કે દાઝી જવાના બનાવોની સંભાવના હોય, જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ સમગ્ર જૂનાગઢ જિલ્લાના ઉકત વિસ્તારમાં તા. ૧૦/૧૧/ ૨૦૨૩ થી તા.૧૫/૧૧/ ૨૦૨૩ સુધી તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

લોકોની જાહેર સલામતીના હેતુસર રજૂ થયેલ દરખાસ્ત ઉચીત જણાતા જૂનાગઢ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩(૧)(યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૧૦/૧૧/૨૦૨૩ થી તા.૧૫/૧૧/ ૨૦૨૩ સુધી જૂનાગઢ જિલ્લાનાં કોઈ પણ વિસ્તારમાં ૨૦-૦૦ કલાકથી ૨૨-૦૦ કલાક સિવાયના સમયમાં કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડવા નહીં કે આતશબાજી કરવી નહીં, જૂનાગઢ જિલ્લામાં આવેલ જાહેર રસ્તાઓ ઉપર, આનંદ પ્રમોદના સ્થળો ખાતે, ગલીઓમાં, મકાનોમાં, ટ્રાફિકની અવર-જવર વાળા જાહેર માર્ગો ઉપર, મેઈન ચોકમાં તથા ઈલેક્ટ્રીકના સબ સ્ટેશન થાંભલાની નજીક આવતા ૫૦ ચોરસ ફુટની અંદર કોઈ પણ સમયે કોઈ પણ પ્રકારના ફટાકડા/દારૂગોળો ફોડવા નહીં કે આતશબાજી કરવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ગુનો માંડવા માટે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

# શુક્રવારે ધનતેરસ-ધનપૂજાનું મહત્વ

આસો વદ બારસ ને શુક્રવાર તા.૧૦-૧૧-૨૩ના દિવસે બપોરે ૧૨.૩૬ થી તેરસ તિથીનો પ્રારંભ થશે. ધનતેરસ તિથીનું મહત્વ સાંજે પ્રદોષ કાળનું હોય શુક્રવારે બારસના દિવસે ધનતેરસ છે.

ધનતેરસના દિવસે શ્રી યંત્રની પૂજા કરવી, ઘરમાં રહેલા સોના ચાંદીના દાગીનાની પૂજા કરવી, લક્ષ્મીપૂજન કરવું, વ્યાપારના નવા ચોપડા ખરીદવા, જમીન-મકાનની ખરીદી કરવી, નવા વાહનની ખરીદી કરવી, સોના-ચાંદીની ખરીદી કરવી ઉત્તમ ફળદાયક ગણવામાં આવે છે.

ધનતેરસના દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી ત્યારબાદ પૂજામાં શ્રીકૃષ્ણ ભગવાનના નામની સાથે રૂકમણીજી, મિત્રવૃંદા, શૈલ્યા, સત્યમાતા, લક્ષ્મણા, ભદ્રા, કાલીન્દી આ નામ બોલવાથી શાંતિની પ્રાપ્તિ થશે.

ધનતેરસના દિવસે સાંજના યમ દિપદાન કરવું, ધનતેરસના દિવસે શુક્રવારે સાંજના સમયે દિવસ આથમ્યા પછી સાંજના પ્રદોષકાળના સમયે ઘરની અથવા ફલેટના મુખ્ય દરવાજા કે બારણા પાસે બહાર ચોખાની ઢગલી કરવી, તેના ઉપર માટીના કોડીયામાં રૂ ની વાટ મુકી અને તલના તેલનો દિવો કરવો, દક્ષિણ દિશા તરફ મુખ રાખીને પ્રાર્થના કરવી, મને અને મારા પરિવારને કોઈ દિવસ યમ યાતના ન મળે એ રીતના પ્રાર્થના કરવી, ધનતેરસના દિવસે આ રીતના યમ દિપ દાન કરવાથી અપમૃત્યુ, અકાળે મૃત્યુ તથા બિમારીનો ભય રહેતો નથી.

ધનતેરસના દિવસે ભગવાન ધન્વંતરીનું પ્રાગટય થયું હતું. દેવ દાનવોના સમુદ્ર મંથન સમયે સંસારના સર્વરોગ નાબુદ કરવા ઔષધીઓનો કળસ લઈ ભગવાન ધન્વંતરી પ્રગટ થયા હતા. આથી આ દિવસે સારા આરોગ્યની કામના માટે ભગવાન ધન્વંતરીનું પણ પૂજન કરવું જોઈએ. આ દિવસે વૈદ્યો અને ડોકટર ભગવાન ધન્વંતરીનું પૂજન કરશે. ભગવાન ધન્વંતરીનું પૂજન કરવાથી તથા યજ્ઞ કરવાથી વાતાવરણ ચોખ્ખું બને છે.

ધનતેરસના દિવસે સ્થિર લક્ષ્મીજીની પ્રાપ્તિ માટે શુભ સમયમાં એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર ચોખાની ઢગલી કરી લક્ષ્મીજીની છબી રાખવી, દિવો, અગરબત્તી કરી ત્યારબાદ શ્રીયંત્ર અથવા લક્ષ્મીજીના સિક્કા ઉપર સાકરવાળા દુધથી શ્રી સુકત બોલતા બોલતા અથવા તો ૐ મહાલક્ષ્મૈય નમઃ બોલતા બોલતા અભિષેક કરવો, ત્યારબાદ ચોખ્ખું પાણી ચડાવવું, સાફ કરી નાડા છડીનું વસ્ત્ર પહેરાવવું, અબીલ, ગુલાલ, કંકુ ચડાવી સાકર પેંડાનું નૈવેદ્ય ધરી આરતી કરવી અને ક્ષમા યાચના માંગવી. આમ ધનતેરસના દિવસે પૂજન કરવાથી ઘરમાં સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થશે.

-શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંતરત્ન)

# જૂનાગઢમાં શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ દ્વારા સ્નેહ મિલન યોજાશે

જૂનાગઢ, તા.૯

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સાંસ્કૃતિક સમાજ (દોમડીયા વાડી) જૂનાગઢ પ્રમુખ કરશનભાઈ આર. ધડુક તથા મંત્રી અનિલભાઈ એમ. પટોળીયા તથા ટ્રસ્ટી મંડળની યાદી જણાવે છે કે, જૂનાગઢ મહાનગરમાં વસતા સમસ્ત લેઉવા પટેલ સમાજનું નવા વર્ષનું સ્નેહ મિલન તા.૧૪/૧૧/ ૨૦૨૩ને મંગળવારે સવારે સમય ૮:૩૦ કલાકે દોમડીયા વાડી કોલેજ રોડ જૂનાગઢ ખાતે યોજેલ છે તો સમસ્ત લેઉવા પટેલ પરીવારોને સહપરીવાર પધારવા હાર્દિક આમંત્રણ છે. સાથે અલ્પાહારનું આયોજન રાખેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

Vibrant GUJARAT 2024 | ગુજરાત સરકાર



# શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત

## ૧૫૫ નવા કેન્દ્રોનું ઉદ્‌ઘાટન

## સર્વાંગી વિકાસનું અભિયાન, પ્રત્યેક શ્રમયોગીને સન્માન

**શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ વ્યક્તિ દીઠ ₹ ૫/- માં બાંધકામ શ્રમિક તથા તેમના પરિવારને પૌષ્ટિક ભોજન**

તા: ૧૦-૧૧-૨૦૨૩ | સમય: સવારે ૦૯:૦૦ વાગે | સ્થળ: પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઑડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ

- મેડિકલ હેલ્થ યુનિટ (ધન્વંતરિ આરોગ્ય રથ)
- પ્રસૂતિ સહાય યોજના / મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના
- શિક્ષણ સહાય યોજના / પી.એચ.ડી. સહાય યોજના
- શ્રમિક બસેરા યોજના
- આકસ્મિક મૃત્યુ સહાય યોજના / અંત્યેષ્ઠિ સહાય યોજના
- શ્રમિક ગો-ગ્રીન યોજના
- શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના / હાઉસિંગ સબસિડી યોજના
- કુશળ શ્રમિક સહાય યોજના
- પીએમ જન આરોગ્ય યોજના (PM-JAY)
- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના
- સંપૂર્ણ તબીબી તપાસ યોજના

- ૫૦ થી વધુ બાંધકામ શ્રમિકો ધરાવતી સાઈટ પર ભોજન વિતરણ
- અત્યાર સુધી કુલ ૧.૭ કરોડથી વધુ શ્રમિકોને ભોજનનું વિતરણ
- દૈનિક ૨૭ હજાર શ્રમિકોને ભોજનનું વિતરણ
- નવા કેન્દ્રો શરૂ થયા બાદ અંદાજિત દૈનિક ૭૫ હજારથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ
- રાજ્યનાં ૧૭ જિલ્લાના ૨૭૩ કેન્દ્રો પર ભોજન વિતરણ
- ૬.૮ લાખથી વધુ શ્રમિકોની નોંધણી
- ૭૫ લાખથી વધુ OPD
- ૨.૯૬ લાખ લાભાર્થીઓને ૧૭૧ કરોડની શિક્ષણ સહાય



આ યોજનાઓનો લાભ **sanman.gujarat.gov.in** પોર્ટલ પર ઓનલાઈન જઈને લઈ શકો છો.

## શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય

CMYK